## જિલ્લામાં દ્વિતિય અને તાલુકામાં પ્રથમ સ્થાને ગૌરવ સભર સિધ્ધિ

# બાબરા : શ્રી વિવેકાનંદ સ્કૂલનું ધો. ૧૦નું ધમાકેદાર ૯૫ ટકા પરિણામ

**વિદ્યાર્થી અભય પટેલે ૯૯.૯૨ પી.આર. મેળવી સમગ્ર રાજયમાં ૮મો ક્રમ મેળવ્યો**

**ટોપ કલાસ વિદ્યાર્થીએ ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા**

**સ્કૂલનાં ૧૨ વિદ્યાર્થીઓને ૯૯ પી.આર., ૨૯ વિદ્યાર્થીઓને ૯૫ પી.આર અને ૩૭ વિદ્યાર્થીઓને ૯૦ પી.આર.**

**શ્રેષ્ઠ પરિણામ પાછળ વિદ્યાર્થીઓની મહેનત, શાળા પરિવારનું અમૂલ્ય માર્ગદર્શન જવાબદાર**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

સર્વશ્રેષ્ઠ પરિણામની પરંપરા જાળવતી શ્રી વિવેકાનંદ સ્કૂલ, બાબરાએ ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં ફરી એકવાર ઉત્કૃષ્ટ પરિણામ નોંધાવી પોતાની શૈક્ષણિક ગુણવત્તાનો મજબૂત પરિચય આપ્યો છે. શાળાએ અમરેલી જિલ્લામાં દ્વિતીય સ્થાન તથા બાબરા તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

શાળાનું કુલ પરિણામ ૯૫.૦૦% રહ્યું છે, જે બોર્ડના સરેરાશ ૮૩.૮૬%, અમરેલી જિલ્લાના ૭૯.૭૫% અને બાબરા તાલુકાના ૭૨.૯૫% કરતાં નોંધપાત્ર ઊંચું છે. આથી સ્પષ્ટ થાય છે કે શાળાએ દરેક સ્તરે ઉત્તમ પ્રદર્શન કર્યુ છે.

પરિણામના વિશ્લેષણ મુજબ શાળાના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. જેમાં ૯૯ પી.આર. ઉપર ૧૨ વિદ્યાર્થીઓ, ૯૫ પી.આર. ઉપર ૨૯ વિદ્યાર્થીઓ, ૯૦ પી.આર. ઉપર ૩૭ વિદ્યાર્થીઓ અને ૮૦ પી.આર. ઉપર ૫૧ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે.

શાળાની આ ભવ્ય સિદ્ધિ "નામ અને કામ બંને બોલે છે, એટલે જ તો સૌ કોઈ સલામ બોલે છે" કહેવતને સાબિત કરે છે. શાળાએ જોરદાર, ધારદાર અને અસરકારક પરિણામની જમાવટ કરી છે, જે શિક્ષકોની નિષ્ઠા, વિદ્યાર્થીઓની લગન અને વાલીઓના સહકારનું જીવંત પ્રતિબિંબ છે.

વિદ્યાર્થી અભય પટેલે ૯૯.૯૨ પર્સેન્ટાઈલ સાથે બાબરા તાલુકામાં પ્રથમ અને અમરેલી જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર ગુજરાતમાં ૮મો ક્રમ પ્રાપ્ત કરી તેમણે વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી છે. ખાસ વાત એ છે કે ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃત જેવા ચાર વિષયોમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી તેમણે અનોખો કૃતિત્વ હાંસલ કર્યો છે.

ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓના આ ઉત્તમ પ્રદર્શનથી શાળાની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે. આ સફળતા પાછળ શિક્ષકોનું સતત માર્ગદર્શન, વિદ્યાર્થીઓની કઠોર મહેનત અને માતા–પિતાનો અમૂલ્ય સહકાર મુખ્ય આધાર રહ્યા હોવાનું શાળા સંચાલન દ્વારા જણાવાયું છે.

આ પ્રસંગે બાબરા તાલુકા ખાનગી શાળા સંચાલક મંડળના પ્રમુખ તથા શાળાના યુવા ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી અને કેમ્પસ ડાયરેકટર સમીરભાઈ દવે દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

શ્રી વિવેકાનંદ સ્કૂલ્સ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની પરંપરા યથાવત રાખી આવનારા સમયમાં પણ વધુ ઉત્તમ પરિણામો આપવા દ્રઢ પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી છે.

અંતમાં, બોર્ડ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી છે.

## જંગલ છોડીને માનવ વસાહતમાં સ્થાયી થયેલી સિંહણ

# ધારીનાં મોરઝર ગામે આંબાના બગીચામાં સિંહણ અને ૨ સિંહબાળનો વસવાટ

**માનવ વસાહતમાં સિંહ પરિવારનાં રોજિંદા આંટાફેરા**



અમરેલી, તા. ૬

ધારી તાલુકાના મોરઝર ગામે અંબાના બગીચામાં સિંહણ તેના બે સિંહબાળ સાથે જોવા મળતા ગ્રામજનોમાં આશ્ચર્ય અને કૌતુક ફેલાયું છે. જંગલ વિસ્તાર છોડીને સિંહણ માનવ વસાહત નજીકના બગીચામાં સ્થાયી થઈ હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સિંહણ અને તેના બચ્ચા આંબાના બગીચામાં આરામ કરતા તેમજ ગમ્મત કરતા જોવા મળી રહ્યા છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ વિસ્તારમાં જંગલી ભૂંડ અને નીલગાયના વધતા ત્રાસને કારણે ખેતીપાકને ભારે નુકસાન થતું હતું. પરંતુ હવે સિંહોની હાજરીને કારણે જંગલી પ્રાણીઓમાં ભય ફેલાયો છે જેના કારણે ખેતીપાકને થતા નુકસાનમાં ઘટાડો થયો હોવાનું માનવામાં આવે છે. ખેડૂતો માટે સિંહોની હાજરી આશીર્વાદરૂપ બની રહી છે.

વનવિભાગ દ્વારા આ સમગ્ર વિસ્તાર પર સતત નજર રાખવામાં આવી રહી છે. અધિકારીઓ દ્વારા સિંહણ અને તેના બચ્ચાની હલચલનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે જેથી માનવ અને વન્યજીવન વચ્ચે સંતુલન જળવાઈ રહે. વનવિભાગના પ્રયાસોથી ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો હોવાનું પણ સામે આવ્યું છે.

માતા સિંહણ તેના બે સિંહબાળ સાથે રમતી અને આરામ કરતી દ્રશ્યો સ્થાનિકોના મોબાઈલ કેમેરામાં કેદ થયા હતા જે હાલ સોશ્યલ મીડિયામાં પણ ભારે વાયરલ થઈ રહ્યા છે.

## ચિત્તલ, જાળીયા અને ડુંગર જેવા કેન્દ્રોનું ઉચ્ચ પરિણામ

# અમરેલી જિલ્લાનું ધો. ૧૦ની પરીક્ષાનું ૭૯.૫૦ ટકા પરિણામ : એ–વન ગ્રેડમાં ૫૯૬ પરીક્ષાર્થીઓ

**એ–ટુ માં ૨૬૨૩ અને સી–વનમાં ૨૮૫૩ પરીક્ષાર્થીઓ**

અમરેલી, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ફેબ્રુઆરી–માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ (એસ.એસ.સી.) પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે અમરેલી જિલ્લામાં આ વર્ષે કુલ ૭૯.૭૫ ટકા પરિણામ નોંધાયું છે. જે જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે સંતોષકારક ગણાય છે.

આ વર્ષે અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦ની પરીક્ષામાં કુલ ૧૫,૩૪૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરી છે. પરિણામ મુજબ વિદ્યાર્થીઓએ વિવિધ ગ્રેડમાં સ્થાન મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી છે.

જાહેર થયેલ પરિણામ અનુસાર એ–૧ ગ્રેડમાં ૫૯૬ વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યુ છે. એ–૨ ગ્રેડમાં ૨,૬૨૩ વિદ્યાર્થીઓ સ્થાન પામ્યા છે. બી–૧ ગ્રેડમાં ૨૩૦ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે, જયારે બી–૨ ગ્રેડમાં ૩,૦૦૬ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. સી–૧ ગ્રેડમાં ૨,૮૫૩ વિદ્યાર્થીઓ અને સી–૨ ગ્રેડમાં ૧,૩૪૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રોમાં પરિણામમાં ફેરફાર જોવા મળ્યો છે. કેટલાક કેન્દ્રોએ ઉત્તમ પરિણામ આપી આગળ નીકળ્યા છે, જયારે કેટલાક કેન્દ્રોમાં સરેરાશ પરિણામ નોંધાયું છે. કેન્દ્રવાર વિગત મુજબ ટોચના કેન્દ્રોમાં ચિતલ, જાળીયા અને ડુંગર જેવા કેન્દ્રોએ ઊંચું પરિણામ નોંધાવ્યું હોવાનું જાણવા મળે છે.

પરિણામ જાહેર થતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. શાળાઓમાં પણ શિક્ષકો દ્વારા સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓએ તેમના ભવિષ્ય માટે વધુ ઉચ્ચ લક્ષ્યાંકો નક્કી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

શિક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષકોના માર્ગદર્શનના પરિણામે જિલ્લામાં આ સફળતા પ્રાપ્ત થઈ છે. આગામી વર્ષોમાં વધુ ઉત્તમ પરિણામ માટે પ્રયત્નો ચાલુ રાખવામાં આવશે.

## જિલ્લામાં બેફામ ગતિએ દોડતા વાહનો પર રોક જરૂરી

# અમરેલીમાં ગુરૂદત્ત પેટ્રોલ પંપ નજીક ફોર વ્હીલ ચાલકે હડફેટે લેતા ખેડૂતનું મોત

**મૃતકનાં પુત્રએ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૬

અમરેલીના હનુમાનપરા નારાયણનગર શેરી નંબર ૮માં રહેતાં નિલેશભાઈ કાનજીભાઈ બુટાણીના પિતા કાનજીભાઈ બુટાણી પોતાની વાડીએ રાત્રિના જનાવરનો ત્રાસ હોય. જેથી વાડીએ ગયેલ હતાં અને ત્યાંથી ગત તા. ૫ ના રોજ સવારે ૬ વાગ્યે અમરેલીના બાયપાસ રોડ ઉપર આવેલ મારૂતિ શોરૂમની આગળ ગુરૂદત્ત પેટ્રોલપંપ પાસે સાયકલ લઈને પસાર થતાં હતાં. ત્યારે એક ફોરવ્હીલ નં. જી.જે.–૦૩ એચકે–૯૫૦૪ના ચાલકે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ કાર પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી નિલેશભાઈના પિતાની સાયકલ સાથે ભટકાવી મરણ જનારના માથાના ભાગે તથા છાતીના ભાગે તેમજ બંન્ને પગ તથા હાથ ભાંગી શરીરે ગંભીર ઈજા કરી, મૃત્યુ નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પુત્રએ પિતાનાં મોતની જાણકારી ન આપી

# લાઠીનાં હજીરાધાર ગામે પાણીમાં ડુબી જવાથી થયેલ મૃત્યુ બાદ પીએમ ન થયુ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના હજીરાધાર ગામે રહેતાં ભરતભાઈ દાનાભાઈ કાનમીયા નામનાં ૩૯ વર્ષીય ખેડુતે ગત તા. ૧૫/૭/૨૫ ના રોજ સાંજના પોણા દસ વાગ્યા દરમ્યાન મરણ જનાર દાનાભાઈ ધનાભાઈ કાનમીયા નામનાં વૃધ્ધ હજીરાધાર ગામના સ્મશાનની સામે આવેલ પાણીના ખાડામાંથી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ હતાં. જેથી આ મરણ જનારનું મૃત્યુ અકસ્માતે પાણીના ખાડામાં ડુબી જવાથી થયેલ હોવાનું જાણવા છતાં મરણ જનારની લાશનું પી.એમ. નહી કરાવી તેમજ પોલીસ સ્ટેશનને જાણ કે માહિતી આપ્યા વગર ગત તા. ૧૬/૭/૨૫ ના રોજ હજીરાધાર ગામે તેમની જ્ઞાતિના રીતરીવાજ મુજબ મરણ જનારની લાશની અંતિમવિધી કરી ગુન્હો કરતાં આ અંગે પોલીસમાં સામાવાળા વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરેલ છે.










### અનુષ્કા બંસલ, અનુપમ પાંડે અને અરૂણા રોયએ કાવતરૂ રચ્યાનો આરોપ

# અમરેલીનાં મોટા આંકડીયા ગામના આધેડ ખેડૂત સાથે રૂપિયા ૫૭.૯૩ લાખની ઓનલાઈન છેતરપીંડી

## ખેડૂત અને તેના દીકરાના બેન્ક એકાઉન્ટમાંથી નાણા મેળવી લીધા : ફરિયાદ

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા મોટા આંકડીયા ગામે રહેતા એક ખેડૂત આધેડને ખોટું પ્લેટફોર્મ બનાવી તેના ઉપર ઓનલાઈન ટ્રેડીંગ કરી નફો મેળવવાની લોભામણી લાલચ આપી આધેડ તથા આધેડના દિકરાના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૫૭,૯૩,૮૫૦ મેળવી લઈ આધેડ સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અનુષ્ઠા બંસલ કે જેની ફેસબુક આઈ.ડી. (Anushka Bansal) તથા વોટસએપ નં. +૯૧ ૮૧૦૭૩ ૦૮૧૧૫ તથા અનુપમ પાંડે જેના મો. વોટસએપ નં. +૪૪ ૭૫૯૨૪ ૯૬૪૬૫ અને અરૂણ રોય મો. વોટસએપ નં. +૪૪ ૭૫૧૦૭ ૦૧૦૦૧ એ એક સંપ કરી ગુનાહિત કાવતરૂ રચી તા. ૮/૨/૨૬થી તા. ૨/૪/૨૬ના ૧૧ વાગ્યા દરમ્યાન અમરેલી તાલુકા મોટા આંકડીયા ગામે મેઈન બજારમાં રહેતા જગદિશભાઈ બટુકરાય પુરોહિત નામનાં ૫૩ વર્ષીય આધેડને ખોટું પ્લેટફોર્મ બનાવી તેના ઉપર ઓનલાઈન ટ્રેડીંગ કરી નફો મેળવવાની લોભામણી લાલચ આપી આધેડ તથા આધેડના દિકરા જયદિપના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૫૭,૯૩,૮૫૦ના મેળવી લઈ આધેડ સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસપીનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસની કામગીરી

# ખાંભા : કેરાળા ગામે રૂડાબાપાનાં મંદિરમાં થયેલ ચોરીનાં ગુન્હાનો ભેદ ઉકેલાયો

## ગોંડલ ખાતે રહેતાં લાલજીભાઈ ઉર્ફે લાલો મકવાણાની અટકાયત



ખાંભા, તા. ૬

ખાંભાનાં કેરાળા ગામે થોડા દિવસો પહેલા રૂડાબાપાનાં મંદિરમાંથી ચાંદીના છતરની ચોરી કરનાર આરોપી લાલજીભાઈ ઉર્ફે લાલો મકવાણાની અટકાયત કરવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે ચોરી થયેલ જગ્યાની આજુબાજુ વસવાટ કરતા તેમજ અન્ય ઈસમોની પુછપરછ દરમ્યાન કોઈ ફળદાયીક હકીકત જણાયેલ ન હોય, જેથી ખાંભા, પીપળવા, નાનુડી, કંટાળા, EGALE-EYE પ્રોજેક્ટ–૧ સદર્ભ લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા કંટાળાના કેમેરામાં એક શંકાસ્પદ મો.સાઈકલની અસ્પષ્ટ ભુમિકા જણાય આવેલ તે શંકાસ્પદ મો.સાઈકલ સબબ કંટાળા ગામના રહીશ લોકોની પુછપરછ દરમ્યાન કંટાળાના એક ઈસમ/સાહેદ દ્વારા જણાવેલ કે, ‘‘શંકાસ્પદ મો.સાઈકલ મુજબનો એક ઈસમ રૂડાબાપાની જગ્યા વિશે પુછપરછ કરતા તેને રૂડાબાપા જગ્યા તરફ જવાનો રસ્તો બતાવેલ હોવાનું જણાવતા તે ઈસમ કોણ છે, કયા રહે છે, તે બાબતે વધુ પુછપરછ કરતા તેઓ તેને નહીં ઓળખતા હોવાનું જણાવેલ બાદ શંકાસ્પદ મો.સાઈકલ બાબતે અમરેલી જીલ્લા કંમાન્ડ કંટ્રોલ ખાતે તપાસ કરી/કરાવતા તે શંકાસ્પદ મોટર સાઈકલના આર.ટી.ઓ રજી. નં. જીજે–૦૩ એફપી–૯૩૧૦ હોવાનું માલુમ પડેલ તે નંબરની આધારે આરોપીની હ્યુન/ટેકનીકલ સોર્સની મદદથી તપાસ કરી/કરાવતા એક શંકાસ્પદ ઈસમ મળી આવતા તેની યુકિત–પ્રયુકિતથી પુછપરછ દરમ્યાન તે ‘‘the lalbhai ૭૭૭’’ નામનું ઈન્સ્ટાગ્રામ આઈ.ડી તથા ‘‘રાહુલ મકવાણા’’ નામનું ફેસબુક આઈ.ડી. બનાવી ફેસબુક આઈ.ડી.ને ઈન્સટા આઈ.ડી. સાથે લીંક કરી ઈન્સટા આઈ.ડી. માં મંદીરમાં ચાંદી લગત સ્થળોની ચર્ચ કરતા તેમાં ‘‘કંટાળા ગીર રૂડાબાપા ધામ’’ નામની રીલ્સ ચર્ચ કરતા તેમાં એક વ્યકિત મંદીરની અંદર દર્શન કરતો તે મંદીરમાં રહેલ ભગવાન ઉપર ચાંદીના સતર જોયેલ બાદ રિલ્સમાં તે મંદીરની આજુબાજુ અવાવરૂ જંગલ જોયેલ, તેમજ આજુબાજુ રહેણાંક વિસ્તાર ન હોય, તેમજ માણસોની અવર–જવર ન હોય, જેથી તે મંદીરમાં સતર ચોરી કરવાનું નક્કી કરી તે મંદીર ચર્ચ કરતા અમરેલી જીલ્લાનું ખાંભા તાલુકાનુ હોવાનું માલુમ પડતા તેણે ગુગલ મેપના આધારે વાસાવાડ, દેવગામ, અમરેલી, ચલાલા, ખાંભાના કંટાળા મુકામે રૂડાબાપાની જગ્યાએ આવી સદરહું છતર ચોરીના ગુન્હાને અંજામ આપી તે છતરને ઓગાળી ચાંદીનું બિસ્કિટ બનાવી નાખેલ, હોવાની કબુલાત આપતા તેને ઉપરોકત ગુન્હાના કામે અટક કરી રીમાન્ડ દરમ્યાન ચોરી મુજબના ચાંદીના છતરનું બિસ્કીટ રીકવર કરેલ છે.

આ કામગીરી ખાંભા પો.સ્ટેના પો.ઈન્સ. કે.વી. ચુડાસમાની સુચના અને માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ જી.એમ. જાડેજા તથા હેડ કોન્સ બી.એમ. ગમારા તથા સર્વેલન્સ ટીમના પો.કોન્સ રાજુભાઈ બોદર તથા પો.કોન્સ ફારૂકભાઈ પઠાણ તથા પો.કોન્સ ભાવેશભાઈ બુધેલા તથા પો.કોન્સ ધર્મેશભાઈ વસંતરાય ઠાકરતથા પો.કોન્સ અશોકભાઈ ભુકણ તથા પો.કોન્સ મનિષસિંહ ઝાલા દ્વારા કરવામાં આવેલ છે.

# નાગનાથ બસ સ્ટેન્ડ નજીક ટ્રાફિક સમસ્યા



અમરેલી શહેરમાં ‘સબ ભૂમિ ગોપાલ કી’ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. કોઈપણ જાહેર માર્ગ ઉપર રેંકડી રાખો, વાહનોનું પાર્કિંગ કરો. ગમે તેમ વાહનો ચલાવો કોઈ પુછવવાનું નથી. દરમિયાનમાં નાગનાથ બસ સ્ટેન્ડ નજીક અવાર–નવાર ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોવા છતાં ટ્રાફિક વિભાગને ટ્રાફિક સમસ્યા નિવારણ કરવા અંગે કોઈ કામગીરી કરવી જ નથી.

### જાગૃત પત્રકારે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી

# લ્યો બોલો : વડિયા–સુરત એસ.ટી.ની બસ રાત્રિનાં ૧૧ કલાકે જમવા માટે પોઈન્ટ પર પહોંચશે

## જમવાના પોઈન્ટ ઉપર મુસાફરો સાથે ઉઘાડી લૂંટ

વડિયા, તા.૬

બગસરા – વડિયા – સુરત વચ્ચે દોડતી એસ.ટી.બસના જમવાના પોઈન્ટ પર મુસાફરો સાથે ગેરરીતિ થતી હોવાની ગંભીર ફરિયાદો સામે આવી રહી છે. મળતી માહિતી મુજબ બસ વડિયા સ્ટેશનથીસાંજે લગભગ ૫:૧૫ વાગ્યે પ્રસ્થાન કરે છે અને રાત્રે લગભગ ૧૧ વાગ્યે જમવાના પોઈન્ટ પર પહોંચે છે.

આ જમવાના પોઈન્ટ પર દુકાનદારો દ્વારા મુસાફરો પાસેથી વધારાના ભાવ વસૂલવામાં આવતા હોવાના આક્ષેપો થયા છે. ૧૦ ની વસ્તુ માટે ૨૦ તેમજ ૧૫ કિંમત ધરાવતા આઈસ્કીમ માટે ૩૦ સુધી વસૂલવામાં આવતું હોવાનું જણાવાયું છે. આ કારણે મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

તે ઉપરાંત, રાત્રે ૧૧ વાગ્યે જમવાનો સમય અત્યંત મોડો હોવાને કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે આ પરિસ્થિતિ અસહ્ય બની રહી છે.

આ સમગ્ર મામલે વડિયા ના વરિષ્ઠ પત્રકાર દ્વારા ઉચ્ચકક્ષા એ લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેમણે તાત્કાલિક તપાસ કરી ગેરરીતિઓ બંધ કરાવવા તેમજ જમવાના સમય અને સ્થળમાં યોગ્ય ફેરફાર કરવાની માંગ ઉઠાવી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01




શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણપરિયા હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com












### સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો

# તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે આજે શપથ લેશે વિજય

## વિજય નહેરુ સ્ટેડિયમમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેશે : ૫,૦૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતા સ્ટેડિયમમાં સમગ્ર સમારોહનું આયોજન કરવામાં આવશે

ચેન્નાઈ, તા.૬

તમિલનાડુમાં નવી સરકારની રચના માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અભિનેતા-રાજકારણી વિજયે રાજ્યપાલને મળ્યા છે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે. તેમની પાર્ટી તમિલનાડુ વેત્રી કઝગમ (TVK) એ કોંગ્રેસનો ટેકો મેળવ્યો છે, જેનાથી સરકાર બનાવવાનો રસ્તો સરળ થયો છે. આ સાથે, વિજયની પાર્ટી TVK એ AIDMK ગઠબંધનના પ્રસ્તાવને હાલ પૂરતો મુલતવી રાખ્યો છે.

ખરેખર, DMK ના લાંબા સમયથી સાથી રહેલા કોંગ્રેસે હવે તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે અને વિજયની પાર્ટી TVK ને ટેકો આપવાની જાહેરાત કરી છે. પાર્ટીના તમિલનાડુ પ્રભારી ગિરીશ ચોડણકરે જણાવ્યું હતું કે આ નિર્ણય જાહેર જનાદેશનો આદર કરવા માટે લેવામાં આવ્યો છે.

વિજય આવતીકાલે સવારે ૧૦:૦૦ થી ૧૧:૧૫ વાગ્યાની વચ્ચે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ માટે આ શુભ સમય પસંદ કરવામાં આવ્યો છે. આવતીકાલે તમિલનાડુના રાજકારણમાં એક મહત્વપૂર્ણ દિવસ રહેશે, કારણ કે વિજય નહેરુ સ્ટેડિયમમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ૫,૦૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતા સ્ટેડિયમમાં સમગ્ર સમારોહનું આયોજન કરવામાં આવશે, અને જનતા આ ખાસ દિવસના સાક્ષી બનશે.

સ્ટેડિયમ સ્ટાફને આવતીકાલે સવારે ૬:૦૦ વાગ્યા સુધીમાં તમામ જરૂરી કાર્યો પૂર્ણ કરવા અને સ્ટેડિયમ સોંપવાની સૂચના આપવામાં આવી છે. વિજય શપથ ગ્રહણ સમારોહ માટે સવારે ૧૦:૦૦ વાગ્યા પહેલા સ્ટેડિયમમાં પહોંચશે. તેમને રાજ્યપાલ દ્વારા નિર્ધારિત સમય સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ વાગ્યાની વચ્ચે મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવામાં આવશે. જોકે, TVK ને ટેકો આપતી વખતે કોંગ્રેસે શરત મૂકી છે કે બંધારણમાં માનતી ન હોય તેવી સાંપ્રદાયિક શક્તિઓને ગઠબંધનથી દૂર રાખવામાં આવે. ૪ મેના રોજ જાહેર થયેલા રાજ્યના પરિણામોએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા. TVK એ તેની પહેલી જ ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કર્યું, શાસક ડીએમકેને સત્તા પરથી દૂર કરી. વિજયની પાર્ટી TVK તેની પહેલી ચૂંટણી લડી ૧૦૮ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની. રાજ્યમાં સરકાર બનાવવા માટે ૧૧૮ બેઠકોની જરૂર છે.

આ ચૂંટણીમાં, એમ.કે. સ્ટાલિનના ડીએમકેએ ૫૯ બેઠકો જીતી, જ્યારે એઆઈએડીએમકેએ ૪૭ બેઠકો જીતી. કોંગ્રેસે પાંચ બેઠકો જીતી. અન્ય પક્ષોને મર્યાદિત બેઠકો મળી. ૨૦૨૧ની ચૂંટણીમાં ડીએમકેએ ૧૩૩ બેઠકો જીતી અને એમ.કે. સ્ટાલિન તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા. વિજયે પેરામ્બુર અને તિરુચિરાપલ્લી પૂર્વ બે બેઠકો જીતી અને તેમની પાર્ટીએ લગભગ ૩૫% મત હિસ્સા મેળવ્યા.

# આ વખતે IPL ટુર્નામેન્ટની ફાઇનલ અમદાવાદમાં યોજાશે

## ટિકિટ વેચાણ અને સંબંધિત મેનેજમેન્ટ ચિંતાઓને કારણે BCCએ સ્થળ બદલવાનો નિર્ણય લીધો

નવી દિલ્હી, તા.૬

IPL 2026ના પ્લેઓફ માટેના વેન્યૂ અંગે એક મોટી અપડેટ સામે આવી છે. આ વખતે ટુર્નામેન્ટની ફાઈનલ અમદાવાદમાં યોજાશે. તો ક્વોલિફાયર ૧ ધર્મશાળામાં રમાશે, જ્યારે એલિમિનેટર અને ક્વોલિફાયર ૨ મેચ ચંદીગઢમાં રમાશે.

નોંધનીય છે કે, IPLના નિયમો અનુસાર, ફાઈનલ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયનના હોમ ગ્રાઉન્ડ પર યોજાવાની છે. પરિણામે બેંગલુરુ આ રેસમાં સૌથી આગળ હતું. જો કે, ટિકિટ વેચાણને લગતા તાજેતરના વિવાદે સમીકરણને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. ટિકિટ વેચાણ અને સંબંધિત મેનેજમેન્ટ ચિંતાઓને કારણે BCCIએ સ્થળ બદલવાનો નિર્ણય લીધો. આ જ કારણ છે કે હવે ફાઈનલને અમદાવાદ ખસેડવામાં આવી છે.

I PL 2026 ફાઈનલ મેચ ૩૧ મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. આ પહેલા ક્વોલિફાયર-૧ ૨૬ મેના રોજ યોજાશે, જ્યારે એલિમિનેટર મેચ ૨૭ મેના રોજ રમાશે. ક્વોલિફાયર-૨ ૨૯ મેના રોજ યોજાશે. ક્વોલિફાયર-૧ જીતનાર ટીમ સીધી ફાઈનલમાં પહોંચશે, જ્યારે હારનાર ટીમે ક્વોલિફાયર-૨માં રમવું પડશે. ક્વોલિફાયર-૨ એલિમિનેટર વિજેતા અને ક્વોલિફાયર-૧માં હારનાર ટીમ વચ્ચે રમાશે.

આ સતત ચોથી વખત છે, જ્યારે અમદાવાદ IPL ફાઈનલનું આયોજન કરશે. અગાઉ ૨૦૨૨ અને ૨૦૨૩માં અહીં આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લી ચાર સિઝનમાં ચેન્નાઈનું સ્છ ચિદમ્બરમ સ્ટેડિયમ એકમાત્ર એવું સ્થળ છે, જ્યાં IPL ફાઈનલનું આયોજન થયું છે. ૨૦૨૪ની સિઝનની ફાઈનલ ચેન્નાઈમાં યોજાઈ હતી, જ્યાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને હરાવીને તેમનું ત્રીજું ટાઈટલ જીત્યું હતું.

### DMK સાથે ગઠબંધન તૂટ્યું

# તમિલનાડુમાં કોંગ્રેસની જાહેરાત, વિજયની TVKને સમર્થન આપ્યું

## તમિલનાડુમાં થલપતિ વિજયની પાર્ટી ટીવીકેએ ૧૦૮ બેઠકો સાથે મેળવેલી ભવ્ય જીત બાદ રાજકારણ ગરમાયું

ચેન્નાઈ, તા.૬

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ દક્ષિણ ભારતના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો હતો. તમિલગા વેત્રિ કઝગમ (TVK) ના અધ્યક્ષ વિજયે સરકાર રચવા માટે કોંગ્રેસ પાસે સમર્થન માંગ્યું હતું, જેને કોંગ્રેસે સત્તાવાર રીતે સ્વીકારી લીધું છે. તમિલનાડુના યુવાનો અને જનતાએ એક બિનસાંપ્રદાયિક અને કલ્યાણકારી સરકાર માટે જે સ્પષ્ટ જનાદેશ આપ્યો છે, તેને માન આપી કોંગ્રેસે વિજયના રાજકીય પક્ષને પૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

તમિલનાડુની રાજનીતિમાં મોટો વળાંક આવ્યો છે. ૨૦૨૧ અને ૨૦૨૬ની ચૂંટણીમાં ધ્રુસ્દ્ર સાથે ગઠબંધન કરનાર કોંગ્રેસે હવે વિજયની પાર્ટી TVKને સમર્થન આપવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ આ ટેકાના બદલામાં કેબિનેટમાં બે મંત્રી પદ અને સરકારી બોર્ડના અધ્યક્ષ પદની માંગણી કરી શકે છે.

આ મુદ્દે જાહેર કરાયેલી પ્રેસ નોટ પ્રમાણે, કોંગ્રેસે આ સમર્થન માટે શરત મૂકી છે કે આ ગઠબંધનથી તમામ કોમવાદી તાકાતોને દૂર રખાશે, જે ભારતીય બંધારણમાં વિશ્વાસ ધરાવતી નથી. આ ગઠબંધન તમિલનાડુમાં પેરુન્થલાઈવર કામરાજના સુવર્ણ યુગને પરત લાવવા માટે કામ કરશે, જેમાં થાન્થાઈ પેરિયારના સામાજિક ન્યાયના આદર્શો અને ડૉ. બી.આર. આંબેડકરના બંધારણીય મૂલ્યોનો સમન્વય હશે. આ માત્ર સરકાર રચવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમજ લોકસભા અને રાજ્યસભાની ચૂંટણીઓ માટે પણ પરસ્પર સન્માન અને જવાબદારીના આધારે કરાયેલું ગઠબંધન છે.

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે, જનતાનો આદેશ સીધો ડીએમકે (DMK) સરકારની વિરુદ્ધમાં છે અને તેમાં કોંગ્રેસનો

કોઈ વાંક ન હોવા છતાં તેને નુકસાન વેઠવું પડ્યું છે. કોંગ્રેસના સાંસદ મણિકમ્મ ટાગોરે X પર પોસ્ટ કરીને ધ્યાન દોર્યું હતું કે કેબિનેટના અડધાથી વધુ મંત્રીઓ પોતાની બેઠકો હારી ગયા છે, જે સ્પષ્ટ કરે છે કે જનતાએ વર્તમાન સરકારને નકારી દીધી છે. હવે જ્યારે ભાજપ તમિલનાડુમાં પોતાની પકડ મજબૂત કરવા પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે કોંગ્રેસે સંકેત આપ્યો છે કે તેઓ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે વિજયની પાર્ટી ટીવીકે (TVK) સાથે હાથ મિલાવવાની વ્યૂહરચના પર વિચાર કરી શકે છે. કોંગ્રેસનું માનવું છે કે ડીએમકેની હારના કારણે તેમને બિનજરૂરી નુકસાન થયું છે, તેથી હવે તેઓ ભાજપ વિરુદ્ધ લડતી શક્તિઓ સાથે ઊભા રહેવાના વિકલ્પો ચકાસી રહ્યા છે.

તમિલનાડુમાં થલપતિ વિજયની પાર્ટી ટીવીકે(TVK)એ ૧૦૮ બેઠકો સાથે મેળવેલી ભવ્ય જીત બાદ રાજ્યનું રાજકારણ ગરમાયું છે અને વર્ષો જૂનું ડીએમકે-કોંગ્રેસ ગઠબંધન તૂટી ગયું છે. કોંગ્રેસે વિજયને શરતી ટેકો જાહેર કરતાં ડીએમકે(DMK)એ કોંગ્રેસને દગાબાજ અને પીઠમાં છરો ભોંકનાર ગણાવી તીખી પ્રતિક્રિયા આપી છે. ડીએમકેના પ્રવક્તાએ આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, કોંગ્રેસની બેઠકો મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનને કારણે આવી હતી અને જ્યારે ભાજપ રાહુલ ગાંધીને ટ્રોલ કરતું હતું ત્યારે સ્ટાલિને જ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર ગણાવ્યા હતા. બીજી તરફ, કોંગ્રેસે એઆઈએડીએમકે(AIADMK)ને સત્તાથી દૂર રાખવા અને ભાજપને રોકવા માટે વિજય સાથે હાથ મિલાવવાની તૈયારી કરી લીધી છે, જેના માટે વિજયે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને પત્ર લખીને સમર્થન પણ માંગ્યું છે. તમિલનાડુ વિધાનસભાની કુલ ૨૩૪ બેઠકોમાંથી બહુમતી માટે ૧૧૮ બેઠકોની જરૂર છે. ચૂંટણી પરિણામોની સ્થિતિ નીચે મુજબ છે.

TVKની બેઠકો: ૧૦૮ બેઠકો મેળવી છે.

કોંગ્રેસનો સાથ: કોંગ્રેસના ૫ ધારાસભ્યો છે, જેમના ટેકા બાદ આ આંકડો ૧૧૩ પર પહોંચે છે.

વધારાની જરૂરિયાત: કોંગ્રેસના સમર્થન છતાં વિજયને સરકાર બનાવવા માટે હજુ પણ ૫ અન્ય ધારાસભ્યોના ટેકાની જરૂર પડશે.

વિજય માટે બહુમતી સાબિત કરવી એટલી સરળ નથી કારણ કે કેટલીક ટેકનિકલ બાબતો આંકડાકીય ખેલ બગાડી શકે છે: વિજય પેરમ્બુર અને તિરુચિરાપલ્લી પૂર્વ એમ બંને બેઠકો પરથી જીત્યા છે. નિયમ મુજબ તેમણે એક બેઠક પરથી રાજીનામું આપવું પડશે, જેનાથી TVKની સંખ્યા ઘટીને ૧૦૭ થઈ જશે.

### કેન્દ્રનો ઐતિહાસિક નિર્ણય

# વંદે માતરમને ‘જન ગણ મન’ જેવો સમાન દરજ્જો આપવાને મંજૂરી

## શ્ચિમ બંગાળમાં પ્રચંડ જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની પહેલી બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા.૬

પશ્ચિમ બંગાળમાં પ્રચંડ જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાનું ઐતિહાસિક પ્રતીક રાષ્ટ્રીય ગાન વંદે માતરમને દેશની એકતા અને સાર્વભૌમત્વનું પ્રતીક રાષ્ટ્રગીત જન ગણ મન જેવો જ દરજ્જો આપવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં ઉપસ્થિત મંત્રીઓએ બંગાળમાં ભાજપની જીત બદલ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે.

કેબિનેટની બેઠકમાં સરકારે ‘રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ’માં સુધારાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. આ સુધારો લાગુ થયા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત ‘વંદે માતરમ’ પર એ જ નિયમો અને પ્રતિબંધો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રગીત જન ગણ મન માટે છે. તેનું ઉલ્લંઘન સંજ્ઞેય ગુનો માનવામાં આવશે. સંજ્ઞેય એટલે કે પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાનો અને કોર્ટની મંજૂરી વગર કેસની તપાસ શરૂ કરવાની સત્તા હોય છે. વર્તમાન કાયદા હેઠળ રાષ્ટ્રધ્વજ, બંધારણ અથવા રાષ્ટ્રગાનના અપમાન પર જેલ, દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. વર્તમાન ફેરફાર પછી ‘વંદે માતરમ’ને પણ આ જ દાયરામાં સામેલ કરવામાં આવશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે, દેશ હાલમાં આ ગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે.

વર્તમાન કાયદા અનુસાર જે વ્યક્તિ રાષ્ટ્રગાનના ગાનમાં જાણીજોઈને અવરોધ ઊભો કરે છે, તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને થઈ શકે છે. બીજી વખત ગુનો કરવા બદલ ઓછામાં ઓછી એક વર્ષની જેલની જોગવાઈ છે. હવે રાષ્ટ્રીય ગીતને પણ આ જ કાયદાકીય દાયરામાં લાવવામાં આવી રહ્યું છે, જેથી તેની ગરિમા જળવાઈ રહે. અગાઉ ૨૦૦૫માં કાયદામાં સુધારો કરીને ત્રિરંગાના અપમાનજનક ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

તમને જણાવી દઈએ કે વંદે માતરમ્ને રાષ્ટ્રગાનની સમાન દરજ્જો આપવાની માંગ ગયા વર્ષે ડિસેમ્બરમાં સંસદમાં ‘વંદે માતરમ’ની ૧૫૦મી વર્ષગાંઠ પર આયોજિત એક વિશેષ ચર્ચા દરમિયાન ઉઠી હતી.

### સૌથી વધુ નો-બોલ ફેંકવાનો રેકોર્ડ બુમરાહના નામે

# IPLમાં ૩,૪૯૫ બોલ ફેંક્યા છતાં ક્યારેય અક્ષર પટેલે નથી ફેંક્યો નો-બોલ

## IPL જેવી ટુર્નામેન્ટમાં દબાણ હેઠળ પોતાની લાઇન અને લેન્થ જાળવી રાખવી એ એક અસાધારણ બોલરની ઓળખ છે

નવી દિલ્હી, તા.૬

IPLના ઈતિહાસમાં એકથી એક ચડિયાતા દિગ્ગજ બોલરો જોવા મળ્યા છે, જેમણે પોતાની ઘાતક બોલિંગથી અનેક વિકેટો લીધી છે અને બેટ્સમેનોના મનમાં ડર પેદા કર્યો છે. જોકે, IPL જેવી ટુર્નામેન્ટમાં આ ખતરનાક બોલરોએ પણ કોઈક સમયે નો-બોલ ફેંક્યો છે. છતાં એક ભારતીય બોલર છે જેણે આજ સુધીની તેની સમગ્ર IPL કારકિર્દી દરમિયાન, એક પણ નો-બોલ ફેંક્યો નથી. ૩,૦૦૦થી વધુ બોલ ફેંક્યા હોવા છતાં અને ૧૦૦થી વધુ વિકેટો લીધી હોવા છતાં તેણે ક્યારેય નો-બોલ ફેંક્યો નથી.

આ નોંધપાત્ર સિદ્ધિ બીજા કોઈએ નહીં પણ ભારતીય સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલે હાંસલ કરી છે. એક એવો ખેલાડી જેની જાદુઈ સ્પિન બોલિંગે વિશ્વભરના બેટ્સમેનોને હંફાવ્યા છે. અક્ષર હાલમાં IPL ૨૦૨૬માં તેની ૧૩મી સીઝન રમી રહ્યો છે. છતાં તેની સમગ્ર IPL કારકિર્દી દરમિયાન, તેણે એક પણ નો-બોલ ફેંક્યો નથી.

૨૦૧૪માં IPLમાં એન્ટ્રી કર્યા પછી અક્ષરે અત્યાર સુધીમાં કુલ ૩,૪૯૫ બોલ ફેંક્યા છે અને તેની સ્પિન બોલિંગ દ્વારા ૧૩૭ વિકેટ લીધી છે.

તેણે હજુ સુધી એક પણ નો-બોલ ફેંક્યો નથી તે હકીકત પોતાનામાં એક મોટો રેકોર્ડ છે. તેના સિવાય IPLના ઈતિહાસમાં અન્ય કોઈ બોલર આ અસાધારણ સિદ્ધિ હાંસલ કરી શક્યો નથી. હાલમાં અક્ષર દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ કરી રહ્યો છે. તેના નેતૃત્વ હેઠળ દિલ્હીની ટીમે આ સિઝનમાં અત્યાર સુધી રમાયેલી ૧૦ મેચોમાંથી ૪ જીતી છે. તે હાલમાં પોઈન્ટ ટેબલ પર ૭મા સ્થાને છે.

તમે જાણીને ચોંકી જશો કે IPLના ઈતિહાસમાં સૌથી વધુ નો-બોલ ફેંકવાનો રેકોર્ડ જસપ્રીત બુમરાહનો છે. અત્યાર સુધીની IPL કારકિર્દી દરમિયાન બુમરાહ કુલ ૩૯ નો-બોલ ફેંકી ચૂક્યો છે, જે કોઈપણ બોલર દ્વારા સૌથી વધુ છે. આ યાદીમાં બીજા સ્થાને રહેનાર ઉમેશ યાદવ બુમરાહથી નોંધપાત્ર માર્જિનથી પાછળ છે.

ઉમેશે તેની IPL કારકિર્દીમાં કુલ ૨૪ નો-બોલ ફેંક્યા છે. તેના પછી એસ. શ્રીસંત અને ઈશાંત શર્મા સંયુક્ત રીતે યાદીમાં ત્રીજા સ્થાને છે. આ બંને બોલરોએ IPLમાં કુલ ૨૩-૨૩નો-બોલ ફેંક્યા છે.

IPL ઈતિહાસમાં સૌથી વધુ નો-બોલ ફેંકનાર બોલરો

જસપ્રીત બુમરાહ - ૩૯
ઉમેશ યાદવ - ૨૪
એસ. શ્રીસંત - ૨૩
ઈશાંત શર્મા - ૨૩
અમિત મિશ્રા - ૨૧
હર્ષલ પટેલ - ૨૧
લસિથ મલિંગા - ૧૮

### ૮ મેના રોજ BJP ધારાસભ્યોની બેઠક

# બંગાળમાં નવી સરકાર બનાવવાની હલચલ તેજ

## ભાજપે બંગાળના પર્યવેક્ષક તરીકે ગૃહમંત્રી અમિત શાહને નિયુક્ત કર્યા છે : ભાજપે બંગાળમાં ૨૦૭ સીટો જીતી છે

નવી દિલ્હી, તા.૬

૪ મેના રોજ જાહેર થયેલા પરિણામો સાથે પશ્ચિમ બંગાળનો રાજકીય માહોલ સ્પષ્ટ થઈ ગયો છે. ભાજપે ૨૦૭ બેઠકો જીતીને પ્રચંડ બહુમતી મેળવી હતી, જ્યારે લગભગ દોઢ દાયકાથી સત્તામાં રહેલી મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. ચૂંટણી પરિણામો બાદ નવી વિધાનસભાની રચના માટેની તૈયારીઓ ઝડપી બની છે. ચૂંટણી પંચે એક સત્તાવાર સૂચના જાહેર કરી છે. રાજ્યપાલને આ નોટિફિકેશન મોકલવામાં આવ્યું છે, જેનાથી નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૮ મેના રોજ ભાજપ ધારાસભ્યોની બેઠક થવાની અપેક્ષા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને બંગાળ નિરીક્ષક અમિત શાહ તે જ દિવસે કોલકાતાની મુલાકાત લઈ શકે છે.

૭ મેના રોજ પશ્ચિમ બંગાળ વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થાય છે. ચૂંટણી પંચ તરફથી આ સૂચના તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ગેરરીતિના આરોપો અને રાજીનામું આપવાનો ઈનકાર વચ્ચે આવી છે. કોલકાતામાં મીડિયા સાથે વાત કરતા મમતા બેનર્જીએ રાજ્યપાલને મુખ્યમંત્રી પદેથી રાજીનામું સોંપવાનો ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે, "હું હવે શા માટે રાજીનામું આપું? વાસ્તવમાં અમે હાર્યા નથી. આ પરિણામો વ્યાપક ગોટાળા અને મતોની લૂંટ દર્શાવે છે તો પછી રાજીનામાનો પ્રશ્ન જ ક્યાં ઉભો થાય છે?"

સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૯ મેના રોજ યોજાઈ શકે છે, તે દિવસે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ છે અને તેથી તેને ખાસ માનવામાં આવે છે. અગાઉ, બંગાળ ભાજપના પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ પણ શપથ ગ્રહણ સમારોહ અંગે માહિતી આપી હતી.

પશ્ચિમ બંગાળ ઉપરાંત ચૂંટણી પંચે આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં નવી વિધાનસભાઓની રચના માટે નોટિફિકેશન જાહેર કર્યા છે. ચૂંટણી પંચની સૂચનાઓએ દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં વિજેતા પક્ષોના નેતાઓ માટે અગાઉની રાજ્ય વિધાનસભાની મુદત પૂરી થાય તે પહેલાં સરકાર બનાવવાનો દાવો કરવાનો માર્ગ ખોલી દીધો છે. તમિલનાડુ વિધાનસભાનો કાર્યકાળ ૧૦ મે, આસામ ૨૦ મે, કેરળ ૨૩ મે અને પુડુચેરી ૧૫ જૂને સમાપ્ત થાય છે.

બંગાળમાં નવા મુખ્યમંત્રીના નામ અંગે પાર્ટી જલદી નામનો ખુલાસો કરી શકે છે. એવા રિપોર્ટ્સ છે કે શુક્રવારે આ મામલે ભાજપ મોટી બેઠક કરશે. એવી સંભાવના પણ છે કે ત્યારબાદ વિધાયક દળના નેતાના નામની જાહેરાત થઈ શકે છે. ભાજપે બંગાળના પર્યવેક્ષક તરીકે ગૃહમંત્રી અમિત શાહને નિયુક્ત કર્યા છે. ભાજપે બંગાળમાં ૨૦૭ સીટો જીતી છે. શુક્રવારે ભાજપના વિધાયકોની બેઠક કોલકાતામાં થશે. સૂત્રો મુજબ એવું જાણવા મળ્યું છે કે આ બેઠકમાં અધિકારીને વિધાયક દળ તરીકે પસંદ કરવામાં આવી શકે છે. સૂત્રો મુજબ ભાજપના પ્રદેશ પ્રમુખ શામિક ભટ્ટાચાર્ય અધિકારીના નામનો પ્રસ્તાવ રજૂ કરી શકે અને શાહ તેમના નામની જાહેરાત કરી શકે છે.

ભાજપે ૨૯૩ સીટોમાંથી ૨૦૭ સીટ જીતીને તૃણમૂલ કોંગ્રેસને ધોબીપછાડ આપી છે. રાજ્યમાં ટીએમસીના ૧૫ વર્ષના શાસનનો અંત કર્યો છે. જો કે પાર્ટીએ હજુ સુધી ઔપચારિક રીતે મુખ્યમંત્રી પદના નામની જાહેરાત કરી નથી. પરંતુ ગૃહમંત્રી અમિત શાહ સહિત વરિષ્ઠ નેતાઓએ પ્રચાર દરમિયાન સંકેત આપ્યો હતો કે આગામી મુખ્યમંત્રી પશ્ચિમ બંગાળના જ રહીશ હશે.

### વડાપ્રધાન મોદી અને અમિત શાહ રહી શકે છે હાજર

# બિહારમાં ગુરુવારે સમ્રાટ ચૌધરી સરકારનું મોટું કેબિનેટ વિસ્તરણ થશે

## કેબિનેટમાં નીતિશ કુમારના પુત્ર નિશાંતને મળી શકે છે મંત્રી પદ, JDના ૧૨ સહિત ૨૯ નેતાઓ લેશે શપથ

પટના, તા.૬

બિહારના રાજકારણમાં ગુરુવારનો દિવસ ખૂબ જ મહત્વનો સાબિત થવાનો છે. રાજધાની પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં સમ્રાટ ચૌધરીના નેતૃત્વવાળી NDA સરકારનું મોટું મંત્રીમંડળ વિસ્તરણ પ્રસ્તાવિત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભવ્ય સમારોહમાં અંદાજે ૨૯ મંત્રીઓ શપથ લઈ શકે છે, જે રાજ્યના રાજકારણમાં એક નવા તબક્કાની શરૂઆત માનવામાં આવે છે. આ આયોજનને માત્ર વહીવટી વિસ્તરણ નહીં, પરંતુ એક મોટા રાજકીય શક્તિ પ્રદર્શન તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. આ શપથ ગ્રહણની સૌથી ખાસ વાત એ રહેશે કે, તેમાં નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર પણ શપથ લેશે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, વડાપ્રધાન મોદી સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે પટના પહોંચશે, જ્યારે શપથ ગ્રહણ સમારોહ બપોરે ૧૨:૧૦ વાગ્યે શરૂ થવાની શક્યતા છે. ગૃહમંત્રી અમિત શાહ એક દિવસ પહેલા જ પટના પહોંચીને મંત્રીઓની યાદીને અંતિમ રૂપ આપી શકે છે.

આ આયોજન એટલા માટે પણ ખાસ છે, કારણ કે ૧૫ એપ્રિલે જ્યારે સમ્રાટ ચૌધરીએ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા, ત્યારે કાર્યક્રમ મર્યાદિત રાખવામાં આવ્યો હતો. તે સમયે ટોપના નેતાઓ વિધાનસભાની ચૂંટણીમાં વ્યસ્ત હતા, જેના કારણે સમારોહને ’લો પ્રોફાઈલ’ રાખવામાં આવ્યો હતો. પરંતુ આ વખતે તૈયારીઓ ભવ્ય છે, જે સંકેત આપે છે કે સરકાર હવે પૂરી તાકાત સાથે જનતાની સામે પોતાની હાજરી નોંધાવવા માંગે છે. મંત્રીમંડળના વિસ્તરણ અંગે ગઠબંધનમાં સંતુલન જાળવવાનો પ્રયાસ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપને લગભગ ૧૨ મંત્રી પદ મળી શકે છે, જ્યારે જનતા દળ (યુનાઈટેડ)ને પણ લગભગ ૧૨ મંત્રી પદ આપવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ને ૩ અને હિન્દુસ્તાની આવામ મોરચા તથા રાષ્ટ્રીય લોક જનતા દળને એક-એક મંત્રી પદ મળી શકે છે. આ ફોર્મ્યુલા દ્વારા દ્રહ્છના તમામ સાથી પક્ષોને સંતુલિત પ્રતિનિધિત્વ આપવાની રણનીતિ અપનાવવામાં આવી રહી છે. સંભવિત મંત્રીઓના નામોને લઈને પણ રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઓ થઈ રહી છે. ભાજપ તરફથી વિજય કુમાર સિન્હા, મંગલ પાંડે, દિલીપ જયસ્વાલ, શ્રેયસી સિંહ, રામ કૃપાલ યાદવ અને સંજય સિંહ જેવા નામો પર ચર્ચા થઈ રહી છે. જ્યારે જેડીયુ ક્વોટામાંથી શ્રવણ કુમાર, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સહની, જમા ખાં, સુનીલ કુમાર, શીલા મંડલ, રત્નેશ સદા, બુલો મંડલ, ભગવાન સિંહ કુશવાહા, દામોદર રાવત અને નિશાંત કુમાર શપથ લેશે.

સાથી પક્ષો તરફથી પણ અનેક નામો સામે આવી રહ્યા છે, જેમાં ચિરાગ પાસવાનની પાર્ટી અને જીતન રામ માંઝીના જૂથના નેતાઓ સામેલ છે. ચિરાગ પાસવાનની પાર્ટી (LJPR) માંથી સંજય સિંહ અને સંજય પાસવાન મંત્રી પદના શપથ લેશે. LJPRએ પોતાના બન્ને મંત્રીઓના નામ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને મોકલી દીધા છે. અગાઉની નીતિશ કેબિનેટમાં પણ સંજય સિંહ અને સંજય પાસવાન LJPRમાંથી મંત્રી હતા.

ગાંધી મેદાનમાં યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે. વિશાળ મંચનું નિર્માણ, સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત અને મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની શક્યતા આ કાર્યક્રમને વધુ ખાસ બનાવી રહી છે. વહીવટી સ્તરે પણ તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે જેથી સમારોહ સરળતાથી સંપન્ન થઈ શકે.

આ સમારોહની સૌથી ખાસ વાત એ છે કે, તેમાં દેશના ટોપના નેતાઓની હાજરી રહેવાની શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને જે.પી. નડ્ડા સહિત અનેક વરિષ્ઠ નેતાઓ પટના પહોંચી શકે છે.

રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે, આ કેબિનેટ વિસ્તરણ માત્ર સરકારમાં શક્તિ સંતુલન જ નક્કી નહીં કરે, પરંતુ આગામી સમયમાં બિહારના રાજકારણની દિશા પણ નક્કી કરી શકે છે.

હાલના ચૂંટણી પરિણામો અને બદલાતા રાજકીય સમીકરણો વચ્ચે આ આયોજન દ્રહ્છ માટે પોતાની મજબૂતી બતાવવાની મોટી તક માનવામાં આવી રહી છે.

કુલ મળીને પટનાનું ગાંધી મેદાન ફરી એકવાર મોટા રાજકીય આયોજનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે, જ્યાં સત્તા, રણનીતિ અને સંદેશ ત્રણેયનો સંગમ જોવા મળશે.

# અમરેલીનાં પટેલ સંકુલ સ્કુલ-કોલેજ ખાતે G-CAS અંગે માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૬

લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ ખાતે સરકારના G-CAS વિભાગ દ્વારા પ્રવેશેશ માર્ગદર્શન (૨૦૨૬–૨૦૨૭) વિષય પર પ્રોગ્રામ યોજાયો હતો. જેમના વક્તા તરીકે ડો. શબિર પરમાર (પ્રોફેસર ઓફ ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમસ કોલેજ – લીલીયા ગામ) હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આવ્યું હતું. જેમા સરકારની જાહેરાત મુજબ બહારના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

### ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા

# સાવરકુંડલા પંથકમાં ખેડૂતોને છેતરપીંડીથી બચાવવા જાગૃતિ અભિયાન શરૂ કરાયુ

## નકલી બિયારણનાં દુષણ સામે જાગૃતિ જરૂરી

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા હાલમાં ખેડૂતોને છેતરપિંડીથી બચાવવા માટે એક વિશેષ જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું છે. મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણી, કન્વીનર ડો. રવિભાઈ મહેતા અને સંયોજક બિપીનભાઈ પાંધીએ સંયુકત યાદીમાં જણાવ્યું છે કે, આકાશમાં વાદળ ા બંધાતાની સાથે જ લેભાગુ વેપારીઓ નકલી બિયારણ પધરાવી ખેડૂતોનું આખું વર્ષ બગાડવા સક્રિય થાય છે.

ગ્રાહક સુરક્ષા મંડળે ખેડૂતોને સાવચેત કરતા જણાવ્યું છે કે, જે થેલી પર ઉત્પાદકનું નામ કે સરનામું ન હોય અથવા ''For Field Trials Only'' લખેલું હોય, તે નકલી હોઈ શકે છે. ખાસ કરીને મગફળી અને કપાસના બિયારણમાં ' 'ઉગે ત્યારે પૈસા'' જેવી લલચામણી વાતોમાં આવીને પાકા બિલ વગર ખરીદી ન કરવા તાકીદ કરવામાં આવી છે.

હંમેશા વિાસુ પરવાનેદાર પાસેથી જ પાકા બિલ સાથે સીલ બંધ પેકિંગ ખરીદવું. બિયારણની થેલી પર બીજ નિગમનું લેબલ તપાસવું. જંતુનાશક દવાઓની એક્સપાયરી ડેટ ખાસ જોવી. વાવણી બાદ બિયારણની થેલીનું સીલ અને ટેગ પાકની કાપણી સુધી સાચવી રાખવા. જો કોઈ પણ વિસ્તારમાં આવું નકલી બિયારણ વેચાતું જણાય, તો તાત્કાલિક તાલુકા ખેતીવાડી અધિકારી અથવા ગ્રાહક સુરક્ષા મંડળનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

### ભાજપા પ્રમુખ જગદીશ વિશ્વકર્માનાં નિવેદનનાં વિરોધમાં

# અમરેલી જિલ્લા કોળી-ઠાકોર હિતરક્ષક સમિતિએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

## સાસંદ ગેનીબેન ઠાકોર વિરૂધ્ધ અશોભનીય ટિપ્પણીથી રોષ

અમરેલી, તા. ૬

અમરેલી તાજેતરમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી દરમિયાન ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા એક જાહેર સભામાં બનાસકાંઠાના સાસંદ ગેનીબેન ઠાકોર વિરૂધ્ધ કરવામાં આવેલ અશોભનીય ટીપ્પણીના વિરોધમાં આજે અમરેલી જિલ્લા કોળી–ઠાકોર હિતરક્ષક સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરવામાં આવી છે.

આવેદનપત્રાાં જણાવ્યા અનુસાર, ગેનીબેન ઠાકોરએ સમસ્ત કોળી–ઠાકોર સમાજની આન, બાન અને શાન છે તેમજ સમગ્ર ગુજરાતમાં 'બનાસની બેન' તરીકે સન્માનિત છે. જગદીશ વિશ્વકર્માના નિવેદનને સમગ્ર નારી શકિતનું અપમાન ગણાવી, સમિતિએ તેમની આ વિકૃત માનસિકતા પ્રત્યે આક્રોશ વ્યકત કર્યો છે.

સમિતિના પ્રતિનિધિઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જયાં સુધી જગદીશ વિશ્વકર્મા જાહેર મંચ પરથી સમસ્ત કોળી–ઠાકોર સમાજ અને સાસંદ ગેનીબેન ઠાકોરની માફ નહીં માંગે, ત્યાં સુધી ગાંધી ચીંધ્યા માર્ગે અને જરૂર પડયે ઉગ્ર આંદોલન કરી લડત ચાલુ રાખવામાં આવશે. આ અંગેનું આવેદનપત્ર કલેકટર મારફતે સરકારને મોકલી આપવા રજૂઆત કરવામાં આવી છે.

### ઘરેલુ બજારમાં પણ બંને કિમતી ધાતુઓ ઉછળી

# સોનાના ભાવમાં એકાએક તોતિંગ વધારો, ચાંદી પણ જોરદાર ઉછળી

## કોમેક્સ પર સોનાનો ભાવ લગભગ ૧.૪૩ ટકા વધીને ૪૬૩૩ ડોલર પ્રતિ ઔંસ આસપાસ પહોંચ્યો

નવી દિલ્હી, તા.૬

સોના અને ચાંદીમાં એકવાર ફરીથી તેજી જોવા મળી રહી છે. વૈશ્વિક બજારમાં સોનું ૧ ટકાથી વધુ ચડ્યું. જ્યારે ચાંદીએ પણ ઉછાળો માર્યો અને ૨ ટકા સુધી ચડી ગઈ. અત્રે જણાવવાનું કે બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નરમી જોવા મળતા આ તેજી જોવા મળી રહી છે. કોમોડિટી બજારની વાત કરીએ તો કોમેક્સ પર સોનાનો ભાવ લગભગ ૧.૪૩ ટકા વધીને ૪૬૩૩ ડોલર પ્રતિ ઔંસ આસપાસ પહોંચ્યો. જ્યારે ચાંદી લગભગ ૧.૩૬ ટકા ચડીને ૭૫ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી હતી.

**IBJA**ની વેબસાઈટ મુજબ ૯૯૯ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ સોનું ૩૦૦૦ રૂપિયા વધીને ૧૫૦૬૩૬ પર પહોંચી ગયો જે કાલે સાંજે ૧૪૭૬૩૬ રૂપિયા પર બંધ થયો હતો. જ્યારે એક કિલો ચાંદીના ભાવમાં ૫૮૬૮ રૂપિયાનો વધારો જોવા મળ્યો અને ભાવ ૨૪૬૩૩૩ પર પહોંચ્યો જે કાલે ૨૪૦૪૬૫ પર બંધ થયો હતો.

આ ભાવમાં મેકિંગ ચાર્જ અને જીએસટી સામેલ હોતા નથી. એસોસિએશન સવાર અને સાંજ એમ બે વાર ભાવ જાહેર કરે છે. આમ તો ભાવ દેશભરમાં માન્ય છે પરંતુ શહેરો પ્રમાણે ભાવમાં ફેરફાર હોઈ શકે છે.

ભારતીય વાયદા બજાર **MCX** પર હાલ **1.20PM** ના ભાવ જોઈએ તો ૫ જૂનના વાયદાવાળું ૧૦ ગ્રામ સોનું હાલ ૧.૮૦ ટકા ચડીને ૧૫૨૪૫૦ રૂપિયા પર જોવા મળી રહ્યું છે. જ્યારે ૩ જુલાઈના વાયદાવાળી એક કિલોગ્રામ ચાંદી ૩ ટકા ઉછળીને ૨૫૧૬૪૨ રૂપિયાના સ્તરે જોવા મળી છે.

વાત જાણે એમ છે કે આ તેજી પાછળ સૌથી મોટું કારણ ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો ઘટાડો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં જ કહ્યું કે ઈરાન સાથે સમજૂતિ મુદ્દે સારી પ્રગતિ થઈ રહી છે. આ નિવેદન બાદ ઓઈલ બજારમાં દબાણ જોવા મળ્યું અને ભાવ પણ નીચે ગયો. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ લગભગ ૧૦૮ ડોલર પ્રતિ બેરલ અને **WTI** લગભગ ૧૦૦ ડોલર આસપાસ પહોંચી ગયું.

ઓઈલના ભાવમાં ઘટાડાની સીધી અસર સોના અને ચાંદી પર પડે છે. જ્યારે ક્રૂડ ઓઈલ સસ્તું થાય તો મોંઘવારીનું દબાણ થોડું ઘટે છે. જેનાથી કેન્દ્રીય બેંકો પર વ્યાજ દરો વધારવાનું દબાણ ઘટે છે. આ જ કારણ છે કે રોકાણકારો સોના અને ચાંદીમાં ખરીદી વધારે છે.

જો કે હજુ પણ બજારમાં સંપૂર્ણ રીતે રાહત નથી. એક્સપર્ટ્સનું કહેવું છે કે સોના અને ચાંદીમાં આ તેજી સીમિત રહી શકે છે. કારણ કે મજબૂત અમેરિકી ડોલર અને અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલી અનિશ્ચિતતાઓ તેના પર અસર કરી શકે છે. આ ઉપરાંત રોકાણકારો હવે અમેરિકી આર્થિક આંકડાની રાહ જોવે છે ખાસ કરીને રોજગાર સંબંધિત ડેટા પર બધાની નજર છે. વિશેષજ્ઞોના જણાવ્યાં મુજબ અમેરિકામાં રોજગારના આંકડા મજબૂત આવે અને પગારમાં વધારો જોવા મળે તો અમેરિકી પેડરલ રિઝર્વ લાંબા સમય સુધી વ્યાજ દર ઊંચા રાખી શકે છે. આવામાં સોનાના ભાવ પર દબાણ વધી શકે છે. જ્યારે ઘરેલુ બજારમાં પણ સોનાના ભાવને નીચલા સ્તર પર સપોર્ટ મળી રહ્યો છે. જ્યારે પણ ભાવમાં હળવો ઘટાડો આવે છે ત્યારે રોકાણકારો ખરીદી કરી લે છે જેનાથી બજારને સહારો મળે છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરાના દરેડ-હિરાણા રોડને રીસર્ફેસિંગ કરવા રૂ. ૨.૬૫ કરોડ મંજૂર

## ગ્રામજનોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૬

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના દરેડ અને લાઠી તાલુકાના હિરાણા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨.૬૫ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

દરેડ અને હિરાણા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૨.૬૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

# ખાંભામાં ગ્રીનગૃપ ટ્રસ્ટ દ્વારા બાળકોને ચંપલ વિતરણ કરાયા



અમરેલી, તા. ૬

ખાંભા ખાતે ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહકારથી ઉનાળાની કાળ ઝાળ ગરમીને ધ્યાનમાં રાખી જરૂરિયાતમંદ નાના બાળકો માટે ચંપલ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

હાલ જિલ્લામાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચતા નાના બાળકો ખુલ્લા પગે ગરમીમાં ફરતા હોવાથી તેમની તકલીફને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા આશરે ૧૫૦ થી ૨૦૦ જોડી ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને તરબૂચ, કેળા સહિતનો નાસ્તો પણ અપાયો હતો.

ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખાંભા શહેરમાં સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે અને આ કામગીરીમાં દાતાઓનો નોંધપાત્ર સહકાર મળતો રહ્યો છે. ટ્રસ્ટ દ્વારા તમામ દાતાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો તેમજ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યોમાં સહયોગ આપતા રહેવા અપીલ કરવામાં આવી હતી.

આ સેવા કાર્યક્રમમાં ટ્રસ્ટના તમામ સભ્યો હાજર રહી સફળ આયોજન કર્યુ હતું.

### TMCના કબજામાંથી પાર્ક મુક્ત કરાવ્યો

# બંગાળમાં બનશે અમિત શાહનું મંદિર, મહાનાયક માની પૂજા થશે

## પાર્ક ખાલી કર્યા બાદ ભાજપે અહીં એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યુ : આ જગ્યા લાંબા સમયથી ખોટા હાથમાં હતી

હાવડા, તા.૬

પશ્ચિમ બંગાળના રાજકારણમાં કબજો અને રાજકીય ઘમાસાણ કોઈ નવી વાત નથી, પણ હાવડાથી આવેલા તાજેતરના સમાચારે આખા રાજયમાં હલચલ મચાવી દીધી છે. મંગળવારે મધ્ય હાવડા વિધાનસભા વિસ્તારના રામજી હાજરા લેન વિસ્તારમાં ભાજપ કાર્યકર્તાએ એક મોટા અભિયાન અંતર્ગત એક પાર્ક પર પોતાનો કબજો કરી લીધો. ભાજપનો આરોપ છે કે આ પાર્ક વર્ષોથી ટીએમસીના સ્થાનિક નેતાઓના કબજામાં હતો અને સામાન્ય જનતાનું અહીં આવવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ હતો. આ પાર્કને ખાલી કરાવ્યા બાદ ભાજપે ખાલી રાજનીતિ સુધી મર્યાદિત ન રાખતા, તેને એક આધ્યાત્મિક વળાંક આપતા અહીં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું મંદિર બનાવવાની ઘોષણા કરી દીધી. ભાજપના નેતાઓનું કહેવું છે કે અમિત શાહે બંગાળને અરાજકતામાંથી મુક્તિ અપાવવા માટે જે સંઘર્ષ કર્યો છે, તેના માટે તેમને અહીં એક મહાનાયક તરીકે પૂજવામાં આવશે. આ ઘટના બાદ હાવડામાં તણાવનો માહોલ છે.

મધ્ય હાવડાના સ્થાનિક લોકોની ફરિયાદનો હવાલો આપતા ભાજપ સંયોજક શિવશંકર સાધુખાને ટીએમસી પર આકરા પ્રહારો કર્યા. આ મીડિયામાં છપાયેલા સમાચાર અનુસાર, ભાજપનો દાવો છે કે ટીએમસીના પૂર્વ કાઉન્સિલર શ્યામલ મિત્રાએ આ પાર્કને પોતાની ખાનગી સંપત્તિની માફક ઉપયોગ કરતા હતા. વર્ષોથી આ પાર્ક પર તાળા લટકતા રહ્યા હતા, જેના કારણે સ્થાનિક બાળકો રમી શકતા નહોતા અને વૃદ્ધોને ફરવાની જગ્યા નહોતી મળતી. ભાજપે આને ગુંડાગીરી ગણાવતા કહ્યું કે સરકારી સંપત્તિને કોઈ એક પાર્ટીના કાર્યાલય અથવા જાગીર બનવા દેવી જોઈએ નહીં. કાર્યકર્તાઓએ મંગળવારે તેના તાળા તોડી જનતા માટે પાર્ક ખોલવાનું કામ કર્યુ.

પાર્ક ખાલી કર્યા બાદ ભાજપે અહીં એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યુ. ભાજપ કાર્યકર્તાઓનું કહેવું છે કે કેમ કે આ જગ્યા લાંબા સમયથી ખોટા હાથમાં હતી, એટલા માટે તેનું આધ્યાત્મિક શુદ્ધિકરણ જરૂરી છે. વૈદિક મંત્રોચ્ચારણ સાથે આહુતિઓ આપવામાં આવી અને આખો માહોલ ભગવા રંગે રંગાયો. કાર્યકર્તાઓનો ઉત્સાહ જોવા લાયક હતો અને તેઓ જયશ્રી રામની સાથે સાથે અમિત શાહના સમર્થનમાં નારા લગાવી રહ્યા હતા. ભાજપા નેતૃત્વે સ્પષ્ટ કર્યું છે કે હવેથી આ પાર્ક ખાલી સ્થાનિક લોકોના મનોરંજન માટે ખુલ્લો રહેશે અને અહીં કોઈ પણ રાજકીય પાર્ટીનો ગેરકાયદેસર કબજો સાંખી લેવામાં આવશે નહીં.

ભાજપના પ્લાન અનુસાર અહીં ખાલી અમિત શાહનું મંદિર જ નહીં પણ પાર્ટી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પરિસરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોસની પણ એક વિશાળ પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. ભાજપનું કહેવું છે કે બંગાળના એ મહાપુરુષો અને રક્ષકોનું સન્માન કરવું જોઈએ, જેમણે રાજ્યની માટી માટે કામ કર્યું છે. આ ઘોષણા પાછળ ભાજપની રણનીતિ બંગાળી અસ્મિતા અને હિન્દુત્વના એજન્ડાને એક સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. પાર્ટી ઈચ્છે છે કે લોકો અમિત શાહને ખાલી એક દિલ્હીના નેતા તરીકે ન જોતા, તેને બંગાળના સાંસ્કૃતિક અને રાજનીતિક રક્ષક તરીકે ઓળખે.

### દર રવિવાર, મંગળવાર અને ગુરૂવારે દાણા જોઈ દુઃખ મટાડતા

# વડોદરાનાં પાદરાના રાજા મેલડીનાં ભુવાના ધતિંગનો વિજ્ઞાન જાથાએ ભાંડાફોડ કર્યો

## જાથાએ ગુન્હો નોંધવાનુ શરૂ કરતા પોલીસ સમક્ષ હાજર



અમરેલી, તા. ૬

અમદાવાદ : વડોદરા જિલ્લાના પાદરા રામનગર વિસ્તારમાં ઘરમાં માતાજીનો મઢ બનાવી છેલ્લા ૧૦ વર્ષથી ઘરમાં માતાજીનો મઢ બનાવી લોકોના દુઃખ–દર્દ, અસાધ્ય રોગ મટાડવાનો દાવો કરતો ભુવો ઘનશ્યામ રણછોડ ઝાલા–મકવાણા અને તેના સાગ્રીતોનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે પાદરા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૮૪મો સફળ પર્દાફાશ કર્યો હતો. જાથાની ખબર પડતા ભુવો ફરાર થઈ ગયો બાદ પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. ભુવાની પાપલીલા કાયમ માટે બંધ કરાવતા લોકો પોલીસ સ્ટેશને આવીને જાથાને શુભેચ્છા પાઠવી હતી.

બનાવની વિગત પ્રમાણે પાદરા વિસ્તારના જાગૃતો રાજકોટ સ્થિત જાથાના કાર્યાલયે આવીને ભુવાની માહિતી આપી તેમાં ભુવા ઘનશ્યામ સ્ટેશનની સરકાર અને રાજા મેલડીના ધામ રાખી છેલ્લા ૧૦ વર્ષથી ધૂણીને દાણા નાખીને લોકોની સાથે યેનકેન છેતરપિંડી કરે છે. માતા બેસાડી દઈશ, ભય–ડર બતાવી લોકોની સાથે સિતમ ગુજારતો હતો. દર રવિવાર, મંગળવાર, ગુરૂવાર સવારે ૧૦ થી રાત્રિના ૯ કલાક સુધી જોવાનું કામ કરે છે. જોવડાવવા દર્શને આવતા દરેકે રૂા. ૧૦૧/– ભેટ ધરવી ફરજીયાત હતી. ધૂણીને મનમાં આવે તેવું બોલી અંદરોઅંદર ઝગડો કરાવતો હતો. રૂપિયા ૧૧ હજારથી દોઢ લાખ સુધીની વિધિના નામે છેતરપિંડી કરે છે. માતાજીને નૈવેદ ધરવાના નામે દારૂની બોટલ મંગાવતો પાછળથી બાજુમાં બુટલેગરને વેચી નાખતો હતો. ભુવાને સાગ્રીતોની મોટી ફેઝ હોય પીડિત પરિવારો આગળ આવતા નથી. મોટા માંડવાના આયોજનો કરી રાજકીય માથાઓને બોલાવી પોતાનું પ્રભુત્વ જમાવતો હતો. ઘરમાં ચાર સદસ્યોનું રોજગારીમાં દાણા–આપવા ધૂણવાનું કામ કરે છે. બધાને જુદી જુદી માતાજીનો ઓતાર આવે છે તે પ્રમાણે બાધા રખાવી વસ્તુ મંગાવવી, કિંમતી ઘરેણાની માંગણી કરવામાં આવતી હતી. મજબુર સ્ત્રીઓનું શોષણ કરે છે. હોટલ સુધીની વ્યવસ્થા રાખે છે.

કાર્યાલયે રૂબરૂમાં જણાવ્યું કે અઠવાડિયામાં ત્રણ દિવસની આવક ૫ થી ૭ લાખની છે, મઢે કાયમી સુશોભિત મંડપ, ડી. જે. વગાડી રહીશોને ત્રાસ આપે છે. શ્રધ્ધાળુઓ માતાજીના કોપ–ભયના કારણે ડરે છે. મેલીવસ્તુનું નિવારણના નામે ચાર ચોક – સ્મશાનમાં વિધિ માટે બોલાવે છે. ભુવાના પર્દાફાશ માટે ઠોસ પુરાવા જાથા સમક્ષ રજૂ કર્યા હતા. બાદ જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ ખરાઈ કરવા રાજા મેલડી ધામના ભુવા ઘનશ્યામના મઢે ભાનુબેન શેઠીયા, ભકિતબેન રાજગોર, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણને મોકલી આધાર–પુરાવા મેળવી લીધા હતા.

જાથાના જયંત પંડયાએ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને જાણ કરી ભુવાના પર્દાફાશ માટે પાદરા પોલીસ સ્ટેશનની મદદની માંગણી કરી હતી. જેમાં પી.એસ.આઈ. આર. એસ. મોતા, એ.એસ.આઈ. રજનીકાંત બંસીભાઈ, હેડ કોન્સ્ટે. રાજુભાઈ ભીખાભાઈ, પો. કોન્સ્ટે. કિરણભાઈ પ્રવિણભાઈ, પો. કોન્સ્ટે. પ્રહલાદ ચિનુભાઈ, પો. કોન્સ્ટે. બિપીનભાઈ અળખાભાઈ, પો. કોન્સ્ટે. જીતેન્દ્રભાઈ નગીનભાઈ, પો. કોન્સ્ટે. ભાવિકાબેન કિશોરભાઈ, પો. કોન્સ્ટે. સુરેશભાઈ ભરવાડ, પોલીસ વાન સહિત 'ડી' સ્ટાફ ફાળવી દેવામાં આવ્યો હતો. જેની જાણ કરવામાં આવી હતી.

જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ભાનુબેન શેઠીયા, ભકિતબેન રાજગોર, પાદરા પોલીસ સ્ટેશન પહોંચવા રવાના થયા. સ્થાનિક ૨૦ થી ૨૫ કાર્યકરોને દેખરેખ માટે ગોઠવી દેવામાં આવ્યા હતા.

જાથાના જયંત પંડયા પોલીસ સ્ટેશને પહોંચી પી.એસ.ઓ. રજનીકાંત બંસીભાઈને રૂબરૂ મળી પર્દાફાશ સંબંધી વાત કરી પી.એસ.આઈ. આર. એસ. મોતાને મળીને ગોઠવણ કરી ભુવાના માતાજીના મઢે સમગ્ર કાફલો પહોંચી ગયો. ભુવાને વિજ્ઞાન જાથાને ખબર પડી જતા માતાજીની બેઠક રદ કરી ફરાર થઈ ગયો હતો. તેની પત્નિ રમિલા જે ભુઈનુ કામ કરે છે તેના શરીરમાં બે માતાજી આવતા હોય જાથાના જયંત પંડયાએ પરિચય આપી કાયમી ધતિંગલીલા બંધ કરાવવા આવ્યા છીએ. ભુવાના કરતુતોની વાત કરી. પરિવાર સાગ્રીતો હેબતાઈ ગયા. બોલી શકતા ન હોય હિંમત આપવી પડી હતી. ભુવા પાસે મેડીકલ લાયસન્સ છે કે નહિ, અસાધ્ય રોગ કેવી રીતે મટે ? દાણા જોઈ નિવારણના નામે રૂપિયા પડાવો છો વિગેરે સવાલોના જવાબ આપી શકયા ન. હતા. ભુવો હાજર ન હોય પત્નિ રમિલા, તેના સાગ્રીતોને પોલીસ સ્ટેશને લઈ જવાનું નક્કી થયું.

વિજ્ઞાન જાથાના ડરને કારણે ભુવો ઘનશ્યામ દૂર સુધી ભાગી ગયો હતો. પોલીસ તંત્રે હાજર થવા સમજ આપી હતી. તે દરમ્યાન ભુવાની તરફેણ કરવા એક મહિલા વકીલ અને એક પુરૂષ વકીલ આવી પહોંચ્યા હતા. ભુવાને હાજર કરીએ છીએ, મીડિયા સમક્ષ નહિ આવે, ફોટા ન પાડવા તેવી બંને વિકલોએ વાત કરતા જાથાએ ઈન્કાર કરતાં ગુન્હો દાખલ કરવાનું નક્કી થયું. રસ્તામાં આવે છે તેવું વારંવાર કહેતા સમય પસાર કરવાના અંતે ભુવો ઘનશ્યામ પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. ભુવાએ મોડું કરતાં ચાર્જના પો. ઈન્સપેકટર જે. પી. ગઢવીએ આવીને નારાજગી વ્યકત કરી હતી. પોલીસની ભાષામાં ભુવાના પરિચિતોને સમજ આપી હતી. ભલામણ કરવાવાળ ાના હોંશકોંશ ઉડી ગયા હતા.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ ભુવા ઘનશ્યામને ધતિંગના કરતુતોની વાત કરી હતી. કાયમી બંધ કરવા લોકોની સાથે છેતરપિંડી ન કરવાની વાતમુકી હતી. ભુવાએ તુરંત સ્વીકારી કબુલાતનામું, માફી માંગવાની તૈયારી બતાવી હતી. ઘરમાં માતાજીનો મઢ છે તેની સેવા–પૂજા કરીએ છીએ. કોઈપણ પ્રકારનો કામ–ધંધો નોકરી કરતા નથી છતાં શ્રધ્ધાળુઓને કારણે સારી કમાણી ઉભી થાય છે. ખોટું ધૂણું છું. શરીરમાં માતાજી આવતા નથી તેવી કબુલાત આપી દીધી હતી. પત્નિ, બંને દિકરા દર્શન–રાજવીર પણ ધૂણે છે. પધરામણી માટે જવું પડે તે માટે ફોર વ્હીલ લીધી છે. માતાજીના પગલા પડવા જાય છે તેના લોકો ૧૧,૦૦૦ થી ૨૧,૦૦૦ રૂપિયા આપે છે.ભુવા ઘનશ્યામે તમામ ગોરખ ધંધાની જાથા સમક્ષ કબુલાત કરી દીધી. બાદ કબુલાતનામામાં ભુવા ઘનશ્યામ રણછોડ ઝાલા મકવાણા, તેની પત્નિ રમિલા, સાગ્રીતો રાજેશ સુભાષભાઈ વસાવા, પિયુષ ડાયાભાઈ ચૌહાણ, જાહેરમાં માફી માંગી દોરા–ધાગા, છેતરપિંડી બંધની જાહેરાત કરી દીધી. ભુવાનો પુત્ર દર્શન, રાજવીર, જીજ્ઞેશ ભટ્ટ, સહજાનંદ, પ્રવિણ મંડી વિગેરેના નામો હતા તેની માહિતી એકત્ર કરવાનું નક્કી થયું. જીજ્ઞેશ ભટ્ટના મમ્મી પોલીસ સ્ટેશને આવીને ભુવાની સેવા કરવાનું ના પાડવા છતાં ત્યાં જતો હતો નારાજગી વ્યકત કરી હતી. તેને સમજાવી પરત મોકલવામાં આવ્યા હતા. નાની ઉંમર છે તેથી ગુન્હો દાખલ કરીશું નહિ તેવી ખાત્રી આપી હતી.

જાથાના વર્ષોના અનુભવમાં પાદરા પોલીસ સ્ટેશનમાં મહિલા અને પુરૂષ વકીલે ભુવાના કરતુતો જાણવા છતાં ગમે તે કારણોસર તરફેણ કરી વારંવાર વિક્ષેપ કરી પોતાની વાત મુકતા હતા. અટકાયતી પગલાં અત્યારે ભરશો નહિ. બંને વકીલોથી જાથાને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. : ૩૫ વર્ષમાં જાથાની કાર્યવાહીમાં રાજયમાં એક પણ વકીલ રૂબરૂ આવ્યા નથી. પાદરામાં પહેલો અનુભવ થયો હતો. બંને વકીલો પોલીસ સ્ટેશનમાં ચાર કલાક બાંકડે બેઠા હતા. પોલીસ સ્ટેશનમાં ઉપસ્થિત જાગૃતોએ વકીલને ઉંચી ફી મળવાથી આવ્યા છે તે સિવાય કશું જ નથી. જાથાએ સંયમપૂર્વક કામગીરી કરી હતી. પોલીસ સ્ટેશનની બહાર પીડિતોનો સમુહ હોય ભુવાને સલામતિપૂર્વક મઢે લઈ જવામાં આવ્યો હતો. ભુવાને આપત્તિના સમયે માતાજીએ કોઈપણ પ્રકારની મદદ કરી ન હતી. ભુવાને પીડિતોનો રોષ જોઈ ત્રણેય બાજુ સલામતિ રાખી ગાડીમાં બેસાડવામાં આવેલ. ભુવા–સાગ્રીતોએ કબુલાતનામું સાથે માફી માંગતા મામલો થાળે પડયો હતો. જાથાએ પોલીસ સ્ટેશનના ચાર્જના પો. ઈન્સ. જે. પી. ગઢવી, પી.એસ.આઈ. આર. એસ. મોતા, એ.એસ.આઈ. રજનીકાંત બંસીભાઈ, હેડ કોન્સ્ટે. રાજુભાઈ ભીખાભાઈ, પો. કોન્સ્ટે. કિરણભાઈ પ્રવિણભાઈ, પો. કોન્સ્ટે. પ્રહલાદ ચિનુભાઈ, પો. કોન્સ્ટે. બિપીનભાઈ અળખાભાઈ, પો.કોન્સ્ટે. જીતેન્દ્રભાઈ નગીનભાઈ, પો. કોન્સ્ટે. ભાવિકાબેન કિશોરભાઈ, પો. કોન્સ્ટે. સુરેશભાઈ ભરવાડ, સહિત સૌનો આભાર માન્યો હતો.

# મેઘાપીપરીયા પે. સેન્ટર શાળાની વિદ્યાર્થીની વાર્તા સ્પર્ધામાં પ્રથમ સ્થાને



અમરેલી, તા. ૬

મેઘાપીપળીયા પે સેન્ટર શાળાની વિદ્યાર્થીનીએ સમગ્ર ગુજરાત રાજયમાં અમરેલી જિલ્લાનું નામ રોશન કરતી ધોરણ છમાં ભણતી ''બોરીચા નીર રાહુલભાઈ''એ વાર્તા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવીને ડંકો વગાડ્યો.. ને ૧૫૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર રૂપે ભેટ આપવામાં આવી. આ વાર્તા સ્પર્ધા યોજનાર કપડવંજ તાલુકા સંઘ તેમજ મહંમદપુરા પ્રાથમિક શાળા તરફથી યોજાઈ હતી જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો તેમાં આ દીકરીએ ધો.૬ થી ૮ના વિભાગમાં પ્રથમ ક્રમ મેળવીને ગામ શાળા તાલુકા અને જિલ્લાનું નામ રોશન કર્યુ છે.. આ વાર્તા સ્પર્ધા યુટયુબ દ્વારા મોકલવાની હતી. જે શિક્ષક '' કાજલબેન પાનસુરીયા''એ જહેમત ઉઠાવીને શિક્ષકો અને બાળકોને સ્પર્ધા માટે તૈયાર કરીને યુટયુબની લીંક દ્વારા મોકલવામાં આવી હતી.

### પી.જી.વી.સી.એલ.ની બેદરકારી

# બગસરાનાં ગ્રામ્ય વિસ્તારોને પુરતી વીજળી ન મળતા ખેડૂતોની હાલાકી

## અનેકવાર રજૂઆત છતાં કાર્યવાહી ન થતાં ખેડૂતોનો પાક નિષ્ફળ જાય તેવી નોબત



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૬

બગસરા પીજીવીસીએલ કચેરી એ બગસરા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં યોગ્ય વીજળી પુરવઠો પૂરો ન પાડવામાં આવતા ખેડૂતોના પાક નિષ્ફળ જાય તેવી પરિસ્થિતિ આવીને ઊભી છે. આ બાબતે ખેડૂતોએ જિલ્લા પંચાયતના સદસ્યને સાથે રાખી રજૂઆત કરી હતી.

મળેલ માહિતી મુજબ બગસરા તાલુકાના હામાપુર, જામકા સહિતના ગામોમાં છેલ્લા ઘણા સમયથી વીજ પુરવઠો અનિયમિત રહે છે તેમજ વારંવાર વીજળી કપાઈ જતા ખેડૂતોની મશીનરીને નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત આ કાળજાળ ગરમીમાં પાકને વીજળીના અભાવે પૂરતું પિયત આપી ન શકાતા પાક નિષ્ફળ જવાની સંપૂર્ણ શકયતા હોવાથી ખેડૂતો જિલ્લા પંચાયતના સદસ્ય વનરાજભાઈ વાળ ાને સાથે રાખી પીજીવીસીએલ કચેરીએ દોડી ગયા હતા. જયાં તેમણે નાયબ ઈજનેર હિરેન મહિડાને જણાવ્યું હતું કે છેલ્લા કેટલાય સમયથી ગામડાઓમાં વીજ પુરવઠો યોગ્ય રીતે આપવા માટે વારંવાર જાણ કરવા છતાં કચેરી દ્વારા ગંભીર બેદરકારી કરવામાં આવી રહી છે જેને લીધે ખેડૂતોને લાખોનું નુકસાન થવાની ભીતિ થઈ ગઈ છે. કચેરીએ રજૂઆત કરવા સમયે માત્ર મીઠા આાસનો જ આપવામાં આવે છે હકીકતમાં કોઈ પ્રકારની કામગીરી થતી નથી. હવે આગામી દિવસોમાં આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો વીજ કચેરીને ઘેરાવ સહિતની આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. જિલ્લા પંચાયતના સદસ્ય વનરાજભાઈ વાળાએ પણ ખેડૂતોને મુશ્કેલીને તાત્કાલિક દૂર કરી વીજ પુરવઠો યોગ્ય રીતે મળી રહે તેવી વ્યવસ્થા કરવા માટે પણ તાકીદ કરી હતી. છેલ્લા ઘણા સમયથી વીજ કચેરીની નબળી કામગીરીને કારણે અવારનવાર વિસ્તારના ખેડૂતોને નુકસાની ભોગવવાનો જ વારો આવતો જોવા મળે છે. આ બાબતે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ ખેડૂતના પ્રશ્નોને ધ્યાને લઈ પૂરતી વીજળી મળે તેવા પ્રયત્નો કરવા ખેડૂતોની માંગ ઉઠી છે.

### ટેકનોલોજીથી છેવાડાનાં માનવીને પણ ફાયદો મળે

# ડિજિટલ યુગ : રાજયની એસ.ટી.ની બસોમાં પરચુરણની સમસ્યા દુર : ૩૦ ટકા આવક ડિજિટલ

## ૮ હજાર બસમાં ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને યુપીઆઈ થકી ઓનલાઈન થતી કામગીરી

અમરેલી, તા. ૬

રાજયમાં ૮,૦૦૦થી વધુ એસ.ટી. બસોમાં ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને યુપીઆઈ થકી ઓનનાલઈન બૂકીંગ, મોબાઈલ એપ અને કરંટ બૂકીંગ દ્વારા ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પહેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજય સરકારનાં ડિજિટલ ગવર્નન્સનાં વ્યાપક પ્રયાસોને સાર્થક સાબિત કરે છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ અંતરિયાળ વિસ્તારોમાં બસની સુવિધા વધારવા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો છે. મુસાફરોને વધુ સુવિધા મળે અને દૈનિક મુસાફરોની સંખ્યા વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસી) દ્વારા ડિજિટલ પેમેન્ટ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. અને મુસાફરો માટે પેમેન્ટ માટે અનૂકૂળ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજયની બસોમાં પ્રવાસ કરતા મુસાફરો માટે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનો જબરદસ્ત વ્યાપ વધી રહ્યો છે. આકંડાઓ તેની સાબિતી પુરે છે. હાલમાં, નિગમની દૈનિક આવકમાં લગભગ ૩૦ ટકા આવક કેશલેસ માધ્યમોથી થાય છે.

રાજયભરમાં હવે હજારો મુસાફરોને મુસાફરી દરમિયાન રોકડ રાખવાની જરૂર રહેતી નથી. જીએસઆરટીસી હવે યુપીઆઈ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને મોબાઈલ આધારિત ઓનલાઈન પેમેન્ટ સહિતનાં અનેક ડિજિટલ વિકલ્પો દ્વારા ટિકિટ ચુકવણીની સુવિધા આપે છે. એટલુ જ નહીં. ડિજિટલ ટ્રાન્ઝેકશનનાં વધતા ઉપયોગથી નિગમની કાર્યક્ષમતા અને પારદર્શકતામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજયમાં ૮,૦૦૦થી વધુ બસોમાં પ્રવાસ કરતા મુસાફરો વિવિધ ડિજિટલ માધ્યમોથી પેમેન્ટ કરી શકે છે. આ પહેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજય સરકારનાં ડિજિટલ ગવર્નન્સનાં વ્યાપક પ્રયાસોને સાર્થક સાબિત કરે છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ અંતરિયાળ વિસ્તારોમાં બસની સુવિધા વધારવા અને ડિજિટલ



ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો છે. મુસાફરોને વધુ સુવિધા મળે અને દૈનિક મુસાફરોની સંખ્યા વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

સરેરાશ ૨૭ લાખ મુસાફરો નિગમની બસોમાં પ્રવાસ કરે છે. અને અંદાજે રોજ રૂપિયા ૧૨ કરોડની આવક થાય છે. તેમાંની લગભગ ૩૦ ટકા આવક હવે ડિજિટલ પેમેન્ટ દ્વારા થાય છે. દૈનિક ડિજિટલ કલેકશન છેલ્લા એક વર્ષમાં લગભગ રૂપિયા ૧ કરોડથી વધીને હાલમાં રૂપિયા ૨ કરોડથી વધુ થઈ ગયું છે. અને સતત વધી રહ્યું છે. અમે કેશલેસ અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યા છીએ. અને આ પહેલ ડિજિટલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેનો ભાગ છે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. કે નિગમ દ્વારા વિદ્યાર્થીઓનાં પાસ માટેની ચુકવણી પણ ડિજિટલ કરી છે, જેનાથી ડિજિટલ આવકમાં વધારો થયો છે.

આગામી સમયમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કેશલેસ ટ્રાન્ઝેકશનનો વ્યાપ વધુ વધારવાનું આયોજન હાથ ધર્યુ છે.

આગામી મહિનાઓમાં અમે ડિજિટલ પેમેન્ટનો હિસ્સો ૬૦ થી ૭૦ ટકા સુધી વધારવાનું લક્ષ્ય રાખીએ છીએ. આ માટે કોમર્શિયલ સેવાઓ અને પેસેન્જર પાસ સિસ્ટમમાં પણ આ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ લાવીશુ, નિગમનાં ઉચ્ચ અધિકારીએ જણાવ્યું. ઉલ્લેખનીય છે કે જીએસઆરટીસીમાં થતા કુલ ડિજિટલ ટ્રાન્ઝેકશનમાં લગભગ ૮૫ ટકા હિસ્સો યુપીઆઈનો છે. આ આંકડો દર્શાવે છે કે, ગુજરાતભરમાં યુપીઆઈનો વ્યાપ કેટલો વધ્યો છે.

# બાબાપુરમાં જેસીબી પલ્ટી ગયું



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

અમરેલીનાં બાબાપુર ગામે ટ્રસ્ટ દ્વારા તળાવ ઉંડા કરવાની કામગીરી દરમિયાન અકસ્માતે મહાકાય જેસીબી પલ્ટી જતાં સાધનોની મદદથી જરૂરી કામગીરી શરૂ કરવામાં આવી છે.

### શ્રેષ્ઠ પરિણામ બદલ

# અમરેલીનાં ગજેરા વિદ્યાસભા સ્કુલના ધો. ૧૦ના પરીક્ષાર્થીઓનુ સન્માન કરાયુ

## શાળા પરિવારમાં ઉત્સાહનો માહોલ છવાયો







અમરેલી, તા. ૬

અમરેલી સ્થિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા સ્કૂલમાં ધોરણ ૧૦ની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ સારા માર્ક્સ સાથે પરીક્ષા ઉત્તીર્ણ કરી શાળાનું અને માતા–પિતાનું નામ ગૌરવભેર ઉજ્જવળ બનાવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર શાળા પરિવારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સંસ્થાના આગેવાનો ચતુરભાઈ ખૂટ અને વસંતભાઈ પેથાણી દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમનું ફૂલહાર, પ્રમાણપત્ર અને પ્રોત્સાહક શબ્દોથી સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને માતા–પિતાના સહકારને સફળતાનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પણ આવી જ મહેનત સાથે આગળ વધવા પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં શિક્ષકગણ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આ ઉજવણી સમારોહે વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા અને આત્મવિસનો સંચાર કર્યો હતો.

# ધારીનાં વેપારી અગ્રણી મુકેશ રૂપારેલીયાનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૬

ધારી વેપારી આગેવાન રઘુવંશી સમાજના સેવક અને ભાજપ અગ્રણી તરીકે ખૂબ જ સારી નામના ધરાવતા મુકેશભાઈ ધારી તાલુકાની વેપારી આલમની લોખંડી સંસ્થા ધારી વેપારી મહા મંડળ ટ્રસ્ટના તેઓ જાગૃત પ્રમુખ અને મે. ટ્રૂસટી તરીકે કાર્યરત છે તેઓ અમરેલી જિલ્લાનું વેપારી આલમ અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના તેઓ ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે તેઓ રાજકારણમાં ભાજપના કેસરિયા રંગે રંગાયેલા છે છેલ્લા અઢી દાયકાથી ભારતીય જનતા પક્ષ વફાદાર કાર્યકર્તા છે તેઓની સંગઠન શકિતને ધ્યાને લઈને ભારતીય જનતા પક્ષ દ્વારા તેઓને અતિ મહત્વ અને તાલુકાનું જવાબદારી વાળુ પદ ઉપર ધારી તાલુકા ભાજપના મહામંત્રીની અતિ મહત્વની જવાબદારી પાર્ટીએ સોપી છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે વેપારી આલમ રઘુવંશી સમાજ રાજકીય અગ્રણીઓ શુભેચ્છકો સહિત જિલ્લાભરમાંથી તેઓ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે તેમનો મોબાઈલ નંબર ૯૪૨૭૫ ૫૭ ૯૨૧ છે.

### તસ્કરોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી

# લાઠીનાં કેરાળા ગામે પ્રૌઢ ખેડૂતનાં મકાનમાંથી ૨ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી

## બાઈક, સોનાનાં મંગળસુત્રની કરાઈ ચોરી

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના કેરાળા ગામે રહેતાં દકુભાઈ કુરજીભાઈ પડસાળા નામનાં ૫૮ વર્ષીય ખેડુતના રહેણાંક મકાનમાં ગત તા. ૫ ના રાત્રીના ત્રણેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી બેડના ખાનામાં રાખેલ પાકીટમાં સોનાનું મંગળસુત્ર આશરે પાંચ તોલા સાડા ત્રણેક ગ્રામનું કિંમત રૂપિયા ૧,૬૨,૩૦૩ તથા રોકડા રૂપિયા ૭૦૦૦ તથા મોટર સાઈકલ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૧,૯૯,૩૦૩ની મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સ્વ. ચિરાગ ચેરીટેબલ ટ્રસ્ટ અને સ્વ. રાજીબેન ટ્રસ્ટ દ્વારા

# અમરેલી ખાતે રાહતદરે ચોપડાઓનુ વિતરણ શરૂ કરવામાં આવ્યુ

## ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે વિતરણ શરૂ

અમરેલી, તા. ૬

અમરેલ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓના અભ્યાસમાં ઉપયોગી થઈ શકાય તેવા હેતુથી સ્વ. ચિરાગ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી, તેમજ સ્વ. રાજીબેન મનજીભાઈ રાઠોડ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના સહયોગથી ''નહીં નફો કે નહીં નુકસાન''ના ધોરણે ગરીબ અને જરૂરિયાતમંદો વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે, અભ્યાસમાં ઉપયોગી એવા ફૂલ સાઈઝના અને સારી ક્વોલિટીના ચોપડાઓ જેમાં ૧૪૪ પેઈજના ૧૨ નંગના રૂપિયા ૧૬૦ અને ૧૯૨ પેઈજના ૧૨ નંગના રૂપિયા ૨૦૦ લેખે ચોપડાનું વિતરણ અમરેલી ચિતલ રોડ, અંધશાળા સામે, ડોકટર બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ ખાતે શરૂ કરવામાં આવેલ છે. સ્ટોક મર્યાદિત હોય જેથી વહેલા તે પહેલાના ધોરણે અગ્રતા આપી તમામ જરૂરિયાતમંદ વિદ્યાર્થી તેમજ વાલીઓને હાર્દિક અપીલ કરવામાં આવે છે કે ડોક્ટર આંબેડકર કોમ્યુનિટી હોલ અમરેલી ખાતેથી સવારના ૧૦ થી ૧ તેમજ બપોર પછી સાંજના પાંચથી આઠ સુધીમાં મેળવી લેવા અપીલ કરવામાં આવે છે લક્ષ્મણભાઈ કાનજીભાઈ બગડા નિવૃત્ત એ. એસ. આઈ. તેમજ આર એમ રાઠોડ નિવૃત પ્રોફેસર દ્વારા આપવામાં આવે છે.

# અમરેલી : આદર્શ નિવાસ શાળા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી

અમરેલી, તા. ૬

અત્રેની આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર/કન્યા), અમરેલીમાં વર્ષ ૨૦૨૬–૨૭માં ધો – ૯/૧૦ના અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, અનુ.જન જાતિના કુમાર/કન્યા, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે વિનામૂલ્યે ભણવાની તેમજ રહેવાની જમવાની, બુટ–મોજા, સ્ટેશનરી, તેલ, સાબુ જેવી સુવિધા ઉપલબ્ધ છે. જેમાં કુમાર/કન્યાઓને મેરિટના આધારે જ પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે તા. ૨/૫/૨૬થી ૩૧/૫/૨૬ સુધી વેબસાઈટ https://esamajkalyan.gujarat.gov.in પરથી online ફોર્મ ભરી શકાશે જેમા નીચે મુજબના પ્રમાણપત્રો વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે. પ્રવેશ મળ્યેથી online ફોર્મની પ્રિન્ટ સાથે પ્રમાણપત્રો અસલમાં (ચકાસણી માટે) તથા દરેકની ઝેરોક્ષ કોપી સાથે શાળામાં જમા કરાવવાની રહેશે.

### ધો. ૧૦ની પરીક્ષામાં પરિણામ જાહેર થયુ

# અમરેલીનાં પટેલ સંકુલની વિદ્યાર્થીની જાનવી પોંકિયાને ૯૯.૯૨ પી.આર.

## ટ્રસ્ટીઓ અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૬

અમરેલીનાં પટેલ સંકુલની વિદ્યાર્થીની પોંકિયા જાનવીએ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં ૯૯.૯૨ પી.આર. મેળવી બોર્ડ ટોપટેનમાં ૮મું સ્થાન મેળવતા ટ્રસ્ટીગણે અને સ્ટાફગણે શુભકામના પાઠવી હતી.

# બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઇ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૬

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની બગસરા શાખાના સભાસદ જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ ભટ્ટીનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીઆ, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, જનરલ સેકેટરી ડી જી.મહેતા, શાખા સેકેટરી હેમેન્દ્રકુમાર કટેસિયા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક અર્પણ કરવામાં આવેલ.

### પ્રદેશ ભાજપ કિસાન મોરચાનાં પ્રમુખ હિરેન હિરપરા દ્વારા

# બીજ ઉત્પાદન કરતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે બાબતે રજુઆત કરાઈ

## વર્તમાન એમએસપી ઉપરાંત ૨૫ ટકા વધારો કરવા માંગ



અમરેલી, તા. ૬

વર્તમાન સમયમાં વધતી મોંઘવારી તેમજ ખેતી સાથે સંકળાયેલા વિવિધ ખર્ચમાં સતત થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી ભારતીય જનતા કિસાન મોરચા ગુજરાત દ્વારા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજય બીજ નિગમ દ્વારા રાજયના ખેડૂતો પાસેથી વિવિધ પાકોના બીજ ઉત્પાદનની ખરીદી કરવામાં આવે છે અને ત્યારબાદ બિયારણ તરીકે તેનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખાતર, દવાઓ, ડીઝલ, વીજળી, સિંચાઈ તેમજ ખેત મજૂરીના ખર્ચમાં નોંધપાત્ર વધારો થતા બીજ ઉત્પાદન કરતા ખેડૂતો માટે ઉત્પાદન ખર્ચમાં ભારે વધારો નોંધાયો છે.

આ પરિસ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં લઈ ભારતીય જનતા કિસાન મોરચા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હિરેન હીરપરાની આગેવાનીમાં ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત રાજય બીજ નિગમ દ્વારાખેડૂતો પાસેથી ખરીદવામાં આવતા બીજ ઉત્પાદન માટે ''વર્તમાન એમ.એસ.પી. + ૨૫ ટકા'' મુજબ ભાવ નક્કી કરવામાં આવે, જેથી ખેડૂતોને પોષણક્ષમ અને ન્યાયસંગત ભાવ મળી રહે.

આ મુદ્દે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત દરમિયાન જણાવાયું હતું કે ખેડૂતોને યોગ્ય ભાવ પ્રાપ્ત થશે તો તેઓ વધુ ગુણવત્તાયુકત બીજ ઉત્પાદન માટે પ્રોત્સાહિત થશે, જેના પરિણામે સમગ્ર કૃષિ વ્યવસ્થાને પણ મજબૂતી મળશે. સાથે સાથે ખેત મજૂરી સાથે સંકળાયેલા શ્રમિક વર્ગને પણ અપ્રત્યક્ષ રીતે રોજગારી અને આવકના સ્વરૂપે લાભ મળશે. ગ્રામ્ય અર્થતંત્રને વધુ ગતિ આપવા માટે આ પ્રકારનો નિર્ણય ખેડૂતો માટે અત્યંત લાભદાયી સાબિત થઈ શકે છે.

ભારતીય જનતા કિસાન મોરચા ગુજરાત સતત ખેડૂતોના પ્રશ્નોને સરકાર સમક્ષ મજબૂતાઈથી રજૂ કરી રહ્યું છે અને ખેડૂત હિતમાં રાજય સરકાર સંવેદનશીલતાપૂર્વક સકારાત્મક નિર્ણય લેશે તેવી આશા ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ દ્વારા વ્યકત કરવામાં આવી હતી.

